જુલાઈ ૨૦૨૧

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫






જ્ઞાનપ્રકાશ એટલે અનંત અવતારનું અજ્ઞાનતાનું અંધારું ખસ્યું.
એટલે ભાન થઈ ગયું, શું છે આ બધું ! બધા જ્ઞાનીઓનો જ્ઞાનપ્રકાશ એક જ હોય.
જેમ જેમ આવરણ ઘટતા જાય, તેમ તેમ જ્ઞાનપ્રકાશ વધતો જાય.

## પૂજ્યશ્રી દીપકભાઈના લાઈવ સત્સંગ જોવા માટેના વિવિધ ડિજીટલ માધ્યમો




Akonnect App

Dadabhagwan TV

આ બધા માધ્યમ દ્વારા સવારની આરતી, સ્પેશિયલ ડીવીડી સત્સંગ, સત્સંગ હાઈલાઈટ્સ, સાંજની આરતી અને બીજા તમામ લાઈવ સત્સંગ નિહાળી શકાશે.

Dadabhagwan App

Youtube

દાદા ભગવાન ફાઉન્ડેશનની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ દ્વારા નવા મુમુક્ષુઓ તથા મહાત્માઓ માટે સાંસારિક ગૂંચોના ઉકેલ તથા આધ્યાત્મિક પ્રગતિ માટેના વિડીયો તથા શોર્ટ વિડીયો ઉપલબ્ધ છે.

Youtube.com/dadabhagwanfoundation

આ ચેનલમાં અપલોડ થતા લેટેસ્ટ વિડીયોની જાણકારી મેળવવા માટે ખાસ આજે જ દાદા ભગવાન ફાઉન્ડેશનની યુ ટ્યુબ ચેનલ Subscribe કરો અને 🔔 દબાવો.

વર્ષ : ૨૬, અંક : ૧૧
સળંગ અંક : ૩૧૧
જુલાઈ ૨૦૨૧
પાનાં : ૨૪

Editor : Dimple Mehta
© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

Printed by & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

લવાજમ (ગુજરાતી)
૫ વર્ષ
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
વાર્ષિક સભ્ય
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## આવા જ્ઞાની પુરુષ એ જ પોતાનો શુદ્ધાત્મા

### સંપાદકીય

આ કળિકાળમાં વિનાશી સુખ-દુઃખમાં અટવાયેલા અને ભરહાડમાં શક્કરિયાની માફક શેકાઈ રહેલા જીવો માટે અવિનાશી સુખ અને આત્યંતિક મુક્તિનો માર્ગ ચીંધતા 'દાદા ભગવાન' ભાદરણ ગામના વતની જ્ઞાની પુરુષ શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલ (દાદાશ્રી)ના દેહમંદિરમાં જૂન ૧૯૫૮માં સુરત સ્ટેશન પૂર્ણરૂપે કુદરતી રીતે પ્રગટ થયા હતા. એક જ કલાકમાં તેમને અપૂર્વ આત્મજ્ઞાન પ્રગટ થયું અને જગતના તમામ ગૂઢ રહસ્યો ખુલ્લા થયા ! જ્ઞાન પ્રગટ થતા જ બ્રહ્માંડ દેખાયું. આ જગત શી રીતે ચાલે છે, ભગવાન કોણ છે, આ દુનિયા કોણ ચલાવે છે, હું કોણ છું, આ બધું શેના આધારે ભેગું થાય છે, એ બધું દેખાયું. જ્યારથી જ્ઞાન પ્રગટ થયું, ત્યારથી દેહ જુદો અને પોતે આત્મસ્વરૂપે જુદા એ દશા એમને નિરંતર વર્તતી હતી અને જ્ઞાનવિધિમાં આપણને પણ આત્માનુભવ કરાવી શક્યા.

પ્રસ્તુત અંકમાં શુદ્ધાત્મા અનુભવના વિશેષ ફોડ પાડતા દાદાશ્રી કહે છે કે જ્ઞાનવિધિમાં શુદ્ધાત્મા પદની પ્રતીતિ તો થઈ જાય છે, અને પછી આગળ લક્ષ બેસે એટલે શ્રદ્ધા તૂટે નહીં. પછી આગળ જેમ જેમ અનુભવ થતા જાય, તેમ તેમ પોતાને પોતાનું સ્વરૂપ દેખાય છે. હવે આપણને આ અનુભવ કોણ કરાવી શકે ? જ્ઞાની પુરુષ કે જેઓ શુદ્ધાત્મા પદમાં નિરંતર વર્તે છે, જેમને કશું જ જાણવાનું બાકી ના હોય તે. એટલે કો'ક દહાડો એવા જ્ઞાની ભેગા થાય ત્યારે પોતાના આત્માનું કામ કાઢી લેવું.

શાસ્ત્રોમાં આત્મજ્ઞાન અને આત્માના સ્વરૂપ વિશે ફોડ તો આપ્યા છે, પણ તે બહુ સૂક્ષ્મતાએ આપેલા હોય છે, તેથી આ કાળમાં તેનો યથાર્થ તાગ પામવો અતિ કઠિન હોય છે. તેની યથાર્થ સમજ કેળવવા માટે જરૂર પડે છે અનુભવી જ્ઞાની પુરુષની. શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે 'જ્ઞાની પુરુષ એ જ મારો આત્મા છે' શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે 'જ્ઞાની પુરુષ એ દેહધારી પરમાત્મા જ છે.'

'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેસવું એ તો બહુ મોટી વાત છે, અતિ કઠિન છે. લક્ષ એટલે જાગૃતિ અને જાગૃતિ એ છેલ્લું જ્ઞાન નથી. છેલ્લું જ્ઞાન તો આત્માનો કેવળજ્ઞાન સ્વભાવ છે. જે જ્ઞાનીકૃપાથી અનુભવવો શક્ય છે. આત્મા જાણવા માટે તો જ્ઞાની પુરુષ પાસે જવું જ પડશે, કારણ કે તેમના જ ચરણોમાં મોક્ષ છે. જ્ઞાની એ જ પોતાનો શુદ્ધાત્મા છે, પોતાનો જ આત્મા છે. જ્ઞાનીની આરાધના એ જ શુદ્ધાત્માની આરાધના કર્યા બરાબર છે અને એ જ પરમાત્માની આરાધના છે. જ્ઞાની મળે અને તેમની જો કૃપાદ્રષ્ટિ પ્રાપ્ત થાય તો મોક્ષ સહેજે હાથમાં આવી જાય તેમ છે. તેથી દાદાશ્રી મહાત્માઓને કહે છે કે અમારી આજ્ઞા પાળજો ને 'દાદા, દાદા' કરશો તોય તમારું કામ થઈ જશે.

**જય સચ્ચિદાનંદ.**

# આવા જ્ઞાની પુરુષ એ જ પોતાનો શુદ્ધાત્મા

## સ્થિતિ સુરત સ્ટેશને, જ્ઞાન થયું ત્યારની

**પ્રશ્નકર્તા :** તમે કહ્યું કે ૧૯૫૮માં તમને જ્ઞાન થયું સુરતના સ્ટેશને, એ પહેલાં તમારી શું સ્થિતિ હતી ?

**દાદાશ્રી :** અરે અહંકારી, ગાંડી સ્થિતિ, બંધનવાળો. એ બંધન દશાએ જોયેલી છે. એમ મને ખ્યાલ છે કે બંધન દશા આવી હોય અને આ મુક્ત દશાના ભાનનેય હું જાણું છું.

**પ્રશ્નકર્તા :** એ જ્ઞાન આપને કઈ રીતે થયું ?

**દાદાશ્રી :** એ તો બધા સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ, બધા સંજોગો ભેગા થઈ ગયા. સંજોગો ભેગા થાય ત્યારે થઈ જાય. એ કો'કને જ થાય, બાકી થાય નહીં, એ વસ્તુ થાય નહીં. આવું થશે એવું મેં માનેલું જ નહીં.

**પ્રશ્નકર્તા :** આપને જ્ઞાન થયું તે વખતની આપની સ્થિતિની જરા વાત કરશો અમને ?

**દાદાશ્રી :** સ્થિતિ તો આની આ જ. રીત-બીત હોય નહીં એમાં. અને એય... મહીં આવરણ તૂટી જાય, મહીં આવરણ ખુલ્લું થઈ જાય. અને તમને ગૂંચાવ છો ત્યારે મહીં સૂઝ પડે છે ખરી કે નથી પડતી ? એ આવરણ તૂટે છે એટલે સૂઝ પડે. એવું આ આવરણ તૂટે છે એટલે જગત કોણ ચલાવે છે, કેવી રીતે ચાલે છે, હું કોણ છું, આ કોણ છે, એ બધો ખ્યાલ ખુલ્લો થઈ ગયો. તે જેટલું બોલાય એટલું હું બોલું છું. બીજું તો અનુભવ છે, એ તમે જાતે જોશો ત્યારે. બીજું તો વાણી જ નથી ત્યાં આગળ, બીજું વ્યક્ત કરવા માટે વાણી નથી. એટલે અત્યારે તો 'હું કોણ છું' એ જાણ્યું એટલે બધું જ થઈ ગયું, કમ્પ્લિટ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** એનો અનુભવ શુદ્ધાત્માને થયો કે પુદ્‌ગલને થયો, કોને થયો એ અનુભવ ?

**દાદાશ્રી :** એ અનુભવ, પોતે પોતાને જ જાણ્યો, બીજું કશું નહીં. પારકાંને 'હું' માનતો હતો, તે પોતે પોતાને જાણ્યો, કે 'આ હું છું, આ ન્હોય.' એ જુદું પડી ગયું !

એક જ દહાડામાં પ્રગટ થયું ત્યાં ! ગઈ કાલે 'એ. એમ. પટેલ' હતા ને આજે શુદ્ધાત્મા થઈ ગયા, દૃષ્ટિ માત્રથી. દૃષ્ટિફેર થઈ ગયો ને ત્યાં !

**પ્રશ્નકર્તા :** આપને એક જ કલાકમાં કેવી રીતે દૃષ્ટિ સજ્જડ થઈ ગઈ ?

**દાદાશ્રી :** કૃપાથી શું ના થાય ? ભગવાનની કૃપા ઊતરે એટલે શું ના થાય ?

**પ્રશ્નકર્તા :** અમને તો આપની અંદર પ્રગટ થયા છે તે દાદા ભગવાનની કૃપા ઊતરે. આપને કેવી ઊતરી ?

**દાદાશ્રી :** મારે કેવી ઊતરી એ શું ખબર ? મને કોઈએ ફેરવ્યો ! આ 'વીતરાગ વિજ્ઞાન' કોઈથી સમજાય એવું નથી. 'મને'ય આ પ્રગટ થયું તેમાં મારો કંઈ પુરુષાર્થ નથી, એ તો 'બટ નેચરલ' થયેલું છે.

## જ્ઞાનીઓએ અનુભવ્યો અનાદિ જ્ઞાનપ્રકાશ

**પ્રશ્નકર્તા :** આપ જે જ્ઞાન આપો છો, તે જ્ઞાન તીર્થંકર જેવું થાય ?

**દાદાશ્રી :** બધા તીર્થંકરોનું એક જ જાતનું જ્ઞાન, એમાં ફેરફાર કશો નહીં. ભાષા ફેર પણ જ્ઞાન એક જ પ્રકારનું. અત્યારેય એનું એ જ જ્ઞાન હોય પણ ભાષા ફેર હોય. અનાદિ કાળથી પુદ્‌ગલનો

પ્રકાશ અને જ્ઞાનપ્રકાશ ફેર જ હોય છે. જ્ઞાનપ્રકાશ બધા જ્ઞાનીઓનો એક જ પ્રકાશ અને આ પુદ્ગલનો પ્રકાશ એ બધી લાઈટોનો એક જ જાતનો પ્રકાશ. એ બન્ને પ્રકાશ જુદા સ્વભાવના છે.

જ્ઞાન તો એ જ છે, શરૂથી છેલ્લી દશા સુધી, માત્ર પ્રકાશ વધતો જાય છે. જેમ જેમ આવરણ ઘટતા જાય, તેમ તેમ પ્રકાશ વધતો જાય. નિરાવરણ થયો કે એક જ પ્રકાશ !

**પ્રશ્નકર્તા :** પ્રકાશ એક છે પણ રીત જુદી. વીતરાગોની રીત અને આ રીત, એટલે એ પ્રકાશ, મૂળ પ્રકાશ પામવાની રીત ?

**દાદાશ્રી :** મૂળ પ્રકાશ તો એનો એ જ છે, એમાં ફેર કોઈ કરી શકે જ નહીં. હજુ તો અનંત ચોવીસી સુધી આ જે પ્રકાશ છે, એમાં ફેર પડે નહીં ને !

**પ્રશ્નકર્તા :** એટલે ?

**દાદાશ્રી :** જે વિજ્ઞાન નામનો પ્રકાશ છે, એમાં કોઈ ફેર પડે નહીં ને !

જ્ઞાન એટલે આત્મા અને વિજ્ઞાન એટલે પરમાત્મા. આ તો 'સાયન્સ' છે ! આત્મા-પરમાત્માનું 'સાયન્સ' એટલે સિદ્ધાંત ! એમાં કોઈ જગ્યાએ અંશ માત્ર 'ચેન્જ' (ફેરફાર) ના થાય અને ઠેઠ આરપાર કાઢી નાખે. જ્ઞાનઘન આત્મામાં આવ્યા પછી, અવિનાશી પદને પામ્યા પછી વિજ્ઞાનઘનને જાણવું જોઈએ.

## વદે વિજ્ઞાન જ્ઞાની 'દેખીને'

વિજ્ઞાન જ છે આખું ! આ બધું વિજ્ઞાન કંઈ મારે મોઢે ના કરવું પડે. મને તો દેખાયા કરે આ બધું વિજ્ઞાન ! એ દેખાય એમાંથી બોલું પટ પટ. તમે પૂછો કે જવાબ બોલું એ દેખાવામાંથી. પુસ્તકનું દેખાવામાં તો વારેય લાગે, પણ આનું દેખાવું વાર ના લાગે. આમાં પ્રકાશ ગુણ ઉત્પન્ન થાય, પછી ગાઢ પ્રકાશ ઉત્પન્ન થાય, પછી અવગાઢ પ્રકાશ ઉત્પન્ન થાય. અવગાઢ એ છેલ્લો પ્રકાશ. પ્રકાશ ગુણ ઉત્પન્ન થાય, જ્ઞાન મળતાની સાથે પહેલો પ્રકાશ ગુણ ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** એ પ્રકાશનો અનુભવ થઈ શકે ખરો ?

**દાદાશ્રી :** હું અનુભવથી જ બોલું છું. પ્રકાશનો અનુભવ એટલે એ પ્રકાશ જોઈને જ હું બોલું છું. તમારા હઉ જોઈ શકું છું. આ આંખેથી ના દેખાય, દિવ્યચક્ષુથી દેખાય.

## અનંત અવતારનું ખસ્યું અંધારું

**પ્રશ્નકર્તા :** આત્મજ્ઞાન થયું એટલે કે પ્રકાશ થયો એવું કહે છે.

**દાદાશ્રી :** પ્રકાશ એટલે અનંત અવતારનું અંધારું ખસ્યું. અંધારું શાનું ? આ અંધારું નહીં, આ ડાર્કનેસ નહીં. ત્યાં ડાર્કનેસ ના હોય, આ તો ડાર્કનેસ છે. અજ્ઞાનતાનું અંધારું ખસ્યું, એટલે ભાન થઈ ગયું, શું છે આ બધું.

**પ્રશ્નકર્તા :** એટલે સમજ આવી ગઈ એમ ?

**દાદાશ્રી :** હા, સમજ, પ્રકાશ એટલે સમજ.

**પ્રશ્નકર્તા :** આપ કહો છો ને, જ્ઞાન એટલે સમજ નહીં પણ જ્ઞાન એટલે પ્રકાશ.

**દાદાશ્રી :** હા... પણ સમજ કહેવાય. એ પછી આ રીતે સમજવું. સમજમાં આવે તો જ્ઞાન થાય ને ! સમજ એ શ્રદ્ધા છે, સમજ એ દર્શન છે. સમજમાં આવે તો જ્ઞાન થાય અને જ્ઞાન એટલે પ્રકાશ છે.

પ્રકાશ એકનો એક, પણ અમુક ભાગમાં એને સમજવાળું કહેવાય અને અમુક ભાગમાં જાણવાળું કહેવાય. બાકી પ્રકાશ એટલે આવું બીજું કશું નથી અજવાળું ને બધા લોકો તે દીવાની જ્યોતિ જેવું સમજે છે એવું નથી.

## ઈન્દ્રિયાતીત અજોડ જ્ઞાનપ્રકાશ

આ જ્ઞાનરૂપી પ્રકાશ છે. પ્રકાશ એટલે બધું બેઠા બેઠા દેખાય અને આ જે જ્ઞાન છે, એ જ પ્રકાશ છે. અને એ પ્રકાશ એ જ આત્મા છે. જ્ઞાન જ આત્મા છે, બીજી કોઈ વસ્તુ આત્મા નથી, કેવળજ્ઞાન જ. કેવળ એટલે કંઈ પણ બીજું ભેળસેળ નહીં એવું જ્ઞાન, એનું નામ પ્રકાશ, એનું નામ આત્મા.

**પ્રશ્નકર્તા :** એ પ્રકાશ આપણે કોઈ ચીજની સાથે સરખાવી શકીએ છીએ ?

**દાદાશ્રી :** ના, ના, ના, સરખામણી થઈ જ ના શકે. અજોડ વસ્તુની સરખામણી હોતી હશે ? અજોડ વસ્તુની જેવી બીજી ચીજ જ નથી આ જગતમાં.

**પ્રશ્નકર્તા :** તો પછી એ જે પ્રકાશ છે એ કોઈ ઈન્દ્રિયોની મદદથી આપણને પ્રાપ્ત થતો નથી ?

**દાદાશ્રી :** એ પ્રકાશ એ ઈન્દ્રિયોમાં મદદેય કરતો નથી ને પ્રાપ્તેય થતો નથી.

**પ્રશ્નકર્તા :** ઈન્દ્રિયાતીત છે ?

**દાદાશ્રી :** ઈન્દ્રિયાતીત અને બધાથી અતીત આત્મા.

## સૂર્યથી ના દેખાય એવું દેખાય જ્ઞાનપ્રકાશમાં

**પ્રશ્નકર્તા :** જેવી રીતે અંધારું હોય ને આપણે દીવાસળી સળગાવીએ અને આ કાગળ પડ્યો હોય તો એ પ્રકાશમાં આપણને દેખાય, તો એવી રીતે આત્માનો પ્રકાશ થાય તો આપણને શું દેખાય ? કેવી રીતે દેખાય ?

**દાદાશ્રી :** જે દુનિયામાં નથી દેખાતું એ બધું દેખાય. અજવાળાથી ના દેખાય, મોટામાં મોટા સૂર્યનારાયણથી ના દેખાય એ દેખાય.

**પ્રશ્નકર્તા :** આપણે સ્વપ્નામાં જે બધું જોઈએ છીએ તો એ કયા પ્રકાશમાં જોઈએ છીએ ? એ આત્માનો પ્રકાશ કહેવાય ?

**દાદાશ્રી :** ના, એ બધું આ જ ડખલ. જે બધું સ્વપ્નામાં દેખાય છે એ બધી અહીંની જ ડખલ. પેલું તો કશું દેખાય નહીં. સ્વપ્નામાં અને જાગૃતિમાં કશામાં દેખાય નહીં. એ તો જ્ઞાનમાં દેખાય, બુદ્ધિમાંયે ના દેખાય. બુદ્ધિમાં આ દેખાય બધું. આ તો જ્ઞાનીના જ્ઞાનમાં દેખાય. એ જેમ જેમ તમને અનુભવ થશે, તેમ તેમ દેખાતું જશે.

## સ્પષ્ટવેદન થતા સુધી જ્ઞાન વધ્યા કરે

**પ્રશ્નકર્તા :** આપને જ્ઞાન પ્રગટ થયું પછી જ્ઞાનપ્રકાશ એટલો જ રહે કે વધ્યા કરે ?

**દાદાશ્રી :** અમારે તો આ 'અનુભવજ્ઞાન' છે. એમાં બે પ્રકારનો પ્રકાશ ના હોય, નિરંતર એક જ પ્રકારનો પ્રકાશ રહે. અમને આત્માનો સ્પષ્ટ અનુભવ હોય. જ્યાં સુધી આત્માનો સ્પષ્ટ અનુભવ ના હોય ત્યાં સુધી જ્ઞાન વધ્યા કરે, પણ સ્પષ્ટ અનુભવ થઈ જાય એટલે એ જ્ઞાન પૂરું થઈ જાય.

જ્ઞાની પુરુષ એટલે આત્માનુભવી પુરુષ અને સંપૂર્ણ અનુભવી.

**પ્રશ્નકર્તા :** છેલ્લે કોઈ ભાવક પરમાણુ જ ના રહે ને ? જ્ઞાનીને આ 'ક' હોય ?

**દાદાશ્રી :** અમારી દશામાં ભાવકનું પરમાણુય ના રહે. અમે જે જગ્યાએ બેઠા છીએ એ જગ્યાએ તમે આવો તો તમારા પણ ભાવક ના રહે. પછી કોઈ બૂમ પાડનાર મહીં ના રહે. શુદ્ધાત્માના સ્પષ્ટ વેદનમાં આવે તો 'ક' ના રહે. આ 'સાયન્સ' માત્ર સમજવાનું છે. આ જ્ઞાન તો 'ઈટસેલ્ફ' ક્રિયાકારી છે. આ ઝીણી વાત સમજે તો જ મોક્ષ થાય.

## જ્ઞાનપ્રકાશને ન હોય મૂર્છા

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા જે છે, એ તો જ્ઞાનસ્વરૂપ છે ને પ્રકાશસ્વરૂપ છે ને ?

**દાદાશ્રી :** આવો પ્રકાશ નથી હોતો.

**પ્રશ્નકર્તા :** ના. જુદો પ્રકાશ પણ પ્રકાશરૂપી શુદ્ધ ચેતન...

**દાદાશ્રી :** આ તો પર પ્રકાશ છે, એવો પ્રકાશ નહીં. પ્રકાશ એટલે શું, કે કોઈ વસ્તુમાં મૂર્છા ઉત્પન્ન ન થવા દે. જગતની બધી ચીજો જુએ પણ મૂર્છા ઉત્પન્ન થવા ના દે એવો પ્રકાશ છે. આ ફોર્ટમાં જાય તો બધી ચીજો જુએ તો કેટલી ચીજોમાં મૂર્છા થાય ?

**પ્રશ્નકર્તા :** થાય છે.

**દાદાશ્રી :** પણ આ મૂર્છા ના થવા દે એ પ્રકાશ. ગજવામાં રૂપિયા હોય તોય લેવાનું મન ના થાય.

**પ્રશ્નકર્તા :** જો જો કરવાનું મન થયા કરે.

**દાદાશ્રી :** જુએ તેનો વાંધો નહીં. જોવાનો તો આત્માનો ધર્મ જ છે પણ એમાં છે તે એને મૂર્છા ઉત્પન્ન ના થાય. આ પ્રકાશને લીધે જુએ છતાં મૂર્છા ઉત્પન્ન ના થાય ને પ્રકાશ ના હોય ત્યારે જુએ કે તરત જ મૂર્છા થઈ જાય એને. સાડી દેખી કે ઘેર આવીને તેને યાદ રહ્યા કરે કે પેલી સરસ સાડી હતી ! એ સાડીમાં ખોવાઈ ગયેલી હોય.

આ 'દાદા'ની પાસે ચીજો બધી જ છે. ફલાણું છે, વેપાર છે, એમના નામનો ધંધો ચાલે છે, એમના નામના ચેક ચાલે છે. 'દાદા'એ કશું જ ત્યાગ્યું નથી. પણ એમને મૂર્છા કોઈ જાતની નથી, માટે એમને સર્વસ્વ ત્યાગ છે. અને સાધુ મહારાજ કહે છે ને કે મારું જન્મસ્થળ આ ગામમાં છે, તે ના બોલાય. ત્યાગી છતાં આ બધું મહીંનું મહીં ભરાયેલું હોય, તે મૂર્છા તૂટી નથી. અને અમે જે કહીએ છીએ તેમાં ત્યાગ કશો કરવા જેવો નથી. શેનો ત્યાગ કરવા જેવો નથી ? વસ્તુનો ત્યાગ નથી કરવાનો, મૂર્છાનો ત્યાગ કરવાનો છે. મૂર્છા કોને કહેવાય છે ? મોહનીય કર્મને. લોકોએ વસ્તુઓ બહુ ત્યાગી છે, પણ વસ્તુ તો આખી ઊભી જ રહી છે. કારણ કે વસ્તુની મૂર્છા નથી ગઈ. 'સ્વરૂપજ્ઞાન'ની પ્રાપ્તિ પછી તમને હવે મૂર્છા રહે નહીં. કારણ કે તમે શુદ્ધાત્મા થયા છો. શુદ્ધાત્મા થયા એટલે સર્વ મૂર્છા ગઈ. તમારું મોહનીય કર્મ સંપૂર્ણ નાશ થયું છે, નહિ તો શુદ્ધાત્માનું લક્ષ બેસે નહીં. મોહનીય કર્મનો છાંટો હોય ત્યાં સુધી શુદ્ધાત્માનું લક્ષ બેસે નહીં.

અને આ જ્ઞાન મળ્યા પછી પ્રકાશ મળ્યો એટલે એને મૂર્છા ઉત્પન્ન ના થાય. મૂર્છા ઓછી થઈ છે ને બધી ?

**પ્રશ્નકર્તા :** વસ્તુ જોઈ હોય પણ હવે એની ઈચ્છા ના થાય.

**દાદાશ્રી :** હા, એટલે મૂર્છા ના થાય. આ પ્રકાશ મૂર્છા ના કરાવડાવે. રાગ-દ્વેષવાળું બધું જુએ, આમ જુએ, તેમ જુએ, આમ ફેરવીને જુએ, તેમ ફેરવીએ જુએ પણ મૂર્છા ના થાય. આત્મા આત્માની જગ્યા અને એ એની જગ્યાએ. પેલી મૂર્છા થઈને, તે આત્મા આખો એની મહીં પેસી જાય.

## 'હું શુદ્ધાત્મા' તો રાગ-દ્વેષ નથી

**પ્રશ્નકર્તા :** સંસારમાં રાગ ના રાખીએ તો લ્હાય બળે છે અને રાગ રાખીએ તો મોક્ષ અટકે છે.

**દાદાશ્રી :** એવું છે ને, હવે તમે ખરેખર શું છો ? રિયલી સ્પિકિંગ ચંદુભાઈ* છો કે શુદ્ધાત્મા છો ?

*ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** તો પછી તમને રાગ-દ્વેષ કશું ના રહ્યું. 'હું શુદ્ધાત્મા છું' તો રાગ-દ્વેષ નથી અને ખરેખર 'ચંદુભાઈ છો' તો તમારે રાગ-દ્વેષ છે.

તમે કોઈ જોડે ગુસ્સો કરતા હોય, તો હું તમને એટલું પૂછી લઉં કે 'તમે ચંદુભાઈ છો કે શુદ્ધાત્મા છો ?' તો તમે કહો કે 'હું શુદ્ધાત્મા.' તો પછી મારે તમને કશું કહેવાનું જ ના રહ્યું. ગુસ્સો કરતો હોય તો હું જાણું કે જે છે એ માલ નીકળી જાય છે. એને અટકાવવાનો આપણે અધિકાર નથી. 'આમ ના હોવું જોઈએ' એવું તમારે ચંદુભાઈને કહેવું જોઈએ ખરું. ચંદુભાઈને કહેવામાં વાંધો નહીં. કારણ પાડોશી છે ને, ફાઈલ નં. વન !

બાકી લાઈન ઑફ ડિમાર્કેશન પડેલી, આ ભાગ તમારો અને આ ભાગ એમનો. મકાન હોય, તે વાઈફ અને ધણી વહેંચી લે બન્ને સહમતીથી. વહેંચ્યા પછી તરત જ સમજી જાય કે આ ન્હોય મારું. એવી રીતે આ વહેંચણી કર્યા પછી તમારું શું અને એમનું શું, એમાં ડખો શી રીતે થાય ?

## જગતમાં શુદ્ધાત્મા ને સંયોગો

આત્મા અને સંયોગ બે જ છે અને તેમાં સંયોગો અનંત છે. તે સંયોગો આત્માને ભળાવે છે. તે કેવી રીતે, તે હું તમને સમજાવું. આ એક હીરો હોય તે સફેદ અજવાળું આપે, પ્રકાશમાં તેમાંથી કિરણો સફેદ નીકળે. હવે એની નીચે લાલ કપડું મૂક્યું હોય તો આખો હીરો લાલ દેખાય અને લીલું કપડું મૂક્યું હોય તો હીરો લીલો દેખાય અને પ્રકાશેય લીલો નીકળે. આત્મા એવો જ છે, સંયોગો આવે છે તેવો થઈ જાય છે. આ ક્રોધ આવે ત્યારે ગરમ ગરમ થઈ જાય છે. ખરી રીતે તો પોતે 'શુદ્ધાત્મા' તો ક્યારે પણ બગડ્યો જ નથી. તેલ ને પાણીને ભેગું કરીને ગમે તેટલું હલાવ હલાવ કરે તોય તેલ ને પાણી ક્યારેય પણ એક થતાં નથી, તેમ આત્મા ક્યારેય પણ બગડ્યો જ નથી. અનંત અવતારમાં આત્મા કપાયો નથી, છુંદાયો નથી, સાપમાં ગયો કે બિલાડીમાં ગયો કે ગમે તે યોનિમાં ગયો પણ પોતે અંશ માત્ર બગડ્યો નથી, માત્ર ઘાટ ઘડામણ થઈ ગઈ છે !

## હું એક શાશ્વત શુદ્ધાત્મા છું

'આ સંયોગો સારા અને આ ખરાબ', તેથી સંસાર ઊભો છે. પણ જો 'આ બધા જ સંયોગો દુઃખદાયી છે' એમ કહ્યું તો પછી થઈ ગયો મોક્ષમાર્ગી ! આ જ વીતરાગ ભગવાનનું સાયન્સ છે. ભગવાન મહાવીર કેવા સાયન્ટિસ્ટ હતા ! વીતરાગો તો જાણતા હતા કે જગત માત્ર સંયોગોથી ઊભું થયું છે ! લોકોએ સંયોગોને ફાવતા અને ના ફાવતા કર્યા અને એની ઉપર રાગ-દ્વેષ કર્યા, જ્યારે ભગવાને તો બંનેનેય ના ફાવતા કર્યા ને તે છૂટ્યા !

'એગો મે શાષઓ અપ્પા, નાણ દંશણ સંજ્જૂઓ.'

હું એક શાશ્વત આત્મા છું, જ્ઞાન-દર્શનવાળો એવો શાશ્વત શુદ્ધાત્મા છું, હું સનાતન છું, સત્ એકલો જ છું.

'શેષા મે બાહિરાભાવા, સવ્વે સંજોગ લખ્ખણા.'

આ શેષ રહ્યા તે બધા બહારના ભાવો છે. એ ભાવોના લક્ષણ શા છે ? એ સંયોગ લક્ષણવાળા છે. 'બાહિરાભાવા' કયા ? સંયોગ લક્ષણ એટલે કે આડો વિચાર એ સંયોગ, પૈણવાના વિચાર આવે એ સંયોગ, રાંડવાનો વિચાર એ સંયોગ. એ બધા બાહિરાભાવ કહેવાય અને એ બધા સંયોગ લક્ષણવાળા છે. આ બધાના લક્ષણો સંયોગ સ્વરૂપે છે. જેનો વિયોગ થવાનો એ બધા સંયોગ, તે ભૂલથી બોલાવેલા તે આવેલા.

'સંજોગમૂલા જીવેણ, પત્તા દુખમ્ પરંપરા,
તમ્હા સંજોગ સંબંધમ્, સવ્વમ્ તીવીહેણ વોસરિયામી.'

તે બધા સંયોગ જીવના દુઃખોની પરંપરાના મૂળમાં છે. તે બધા સંયોગો 'દાદા ભગવાન'ને-વીતરાગને વોસરાવું છું એટલે કે સમર્પણ કરું છું, એટલે આપણે એના માલિક નહીં. આ સંયોગો કેટલા બધા છે ? અનંતા છે. એ અનંતા સંયોગોને એક પછી એક ક્યારે છોડી રહીએ ? એના કરતાં એ બધા જ સંયોગોને 'દાદા'ને વોસરાવી દીધા એટલે આપણે છૂટ્યા !

આત્માની અનંત શક્તિ છે. એ એટલી બધી છે કે એક કલાકમાં જ કરોડ સંયોગો કમાઈ જાય તેમ એક જ કલાકમાં કરોડો સંયોગો કાઢી શકે ! પણ કાઢવાનો અધિકાર કોને ? 'જ્ઞાની પુરુષ'ને !

**ભોજનાલય-શૌચાલય, પૂરણ-ગલન ને શુદ્ધાત્મા**

જગતમાં 'શુદ્ધાત્મા' અને 'સંયોગ' બે જ વસ્તુ છે. બહાર ભેગા થાય તે સંયોગ. હવા ઠંડી લાગે. વિચારો આવે એય સંયોગ. પણ બુદ્ધિથી આ ખરાબ છે ને આ સારું છે તેમ દેખાય અને તેનાથી રાગ-દ્વેષ કર્યા કરે છે. જ્ઞાન શું કહે છે કે 'બંને સંયોગ સરખા જ છે. સંયોગથી તું પોતે મુક્ત જ છે, તો પછી ડખો શું કામ કરે છે ?

અમે તો ચોખ્ખું કહીએ છીએ ને કે શુદ્ધાત્મા ને પૂરણ-ગલન. ક્રેડિટ એન્ડ ડેબિટ, ક્રેડિટ એન્ડ ડેબિટ. બીજું કશું થઈ જ રહ્યું નથી. બેન્કમાં કોઈની મૂકેલી રકમ સ્થિર રહે છે ? આવવાની અને જવાની. પૂરણ અને ગલન બે ખાતાં માણસ રાખે છે. (બેન્કમાંથી પૈસા) લેવા જાય તે ગલન, મૂકવા જાય તે પૂરણ.

ગયા અવતારે પૂરણ કર્યું હતું, ક્રેડિટ કરી હતી, તે આ અવતારમાં એ ડેબિટ થયા કરે છે. પાછું અત્યારે નવું ક્રેડિટ કરવાનું ચાલુ, તે આવતા અવતારે કામ લાગે. પછી બેન્કમાં મૂકેલા જેવું, આખી જીંદગી ખાયા કરો. જેવું પૂરણ કરે, એવું ગલન આવે.

આ નફો-ખોટ શું છે ? પૂરણ-ગલન. આત્મા પરમેનન્ટ વસ્તુ અને આ બધું પૂરણ-ગલનવાળી વસ્તુઓ. આ પૂરણ થાય ત્યારે 'વધ્યું, વધ્યું' કહીને રાગ કરે અને ગલન થાય ત્યારે 'ગયું' કહીને દ્વેષ કરે અને સંસાર બાંધે. આ તો પોતે પરમાત્મા છે પણ આ પૂરણ-ગલનવાળા સંસારમાં અણસમજથી માર ખાય છે.

હવે ટૂંકમાં, ઈન શોર્ટ દૃષ્ટિમાં તમને સમજાયું ? કમ ટુ ધી શોર્ટ, નહીં તો આનો તો પાર આવે એવો નથી. આ જગતમાં પાંચ ચીજો છે. આ દેહમાં ત્રણ છે; પૂરણ, ગલન અને શુદ્ધાત્મા. અને બહાર બે જ ચીજો છે; ભોજનાલય અને શૌચાલય. ભોજનાલય તે ભોગવવા યોગ્ય ને શૌચાલય તે છોડવા યોગ્ય.

ભોજનાલય-શૌચાલય, પૂરણ-ગલન અને શુદ્ધાત્મા, એ સિવાય જ્ઞાનીને આ જગતમાં કશું દેખાય જ નહીં. ભોજનાલય તે ભોગવવાની-વાપરવાની વસ્તુ, શૌચાલય તે ભોગવીને છોડી દેવાની વસ્તુ. બાકી રહ્યું તે પૂરણ-ગલન અને શુદ્ધાત્મા.

એટલે આખું જગત આમાં આવી ગયું, આ પાંચ શબ્દોમાં. પાછું આ બે શબ્દોમાં બધું આવી ગયું કે શુદ્ધાત્મા ને સંયોગો બે જ છે. લોકને ગુહ્ય વાતની જ સમજ નથી, ત્યાં ગુહ્યતર વાત ક્યાંથી સમજાય ? તો અમારી વાત તે તો પાછી ગુહ્યતમ છે.

જે ભાવે તું પૂરણ કરીશ તેવા ભાવે ગલન થશે. એ તો પેલો જેવું બોલ્યો ને, તે વખતે પરમાણુ ખેંચાય ને એ પરમાણુ બધા એવા થઈ જાય. એટલે

તે ઘડીએ પરમાણુ આવ્યા ત્યારે એનું નામ પુદ્ કહેવાય અને પછી એ પરમાણુ જ્યારે ફળ આપીને ગલન થાય ત્યારે ગલ કહેવાય. પૂરાય અને પછી ગલન થાય ફળ આપીને. કર્મ બાંધતી વખતે એ પૂરણ થાય છે અને કર્મ છોડતી વખતે ગલન થાય છે. એટલે પુદ્‌ગલ કહેવાય છે એને. એ ગલન થાય ત્યારે એને નિર્જરા કહે છે અને પૂરણ થાય ત્યારે બંધ કહે છે.

કોઈ દુર્જન હોય તેને આપણે અહીં બોલાવી લાવીએ, તેને દુર્જનતાનું પૂરણ થઈ રહ્યું છે. તેને સજ્જનતાના સાગરમાં મૂકે તોય દુર્જનતાનું પૂરણ થયે જ જવાનું અને સજ્જનતાનું ગલન થયે જ જવાનું. પણ જેની દુર્જનતાનું ગલન થઈ રહ્યું છે, તેને સજ્જન બનાવી શકીએ. જે માલ પૂરેલો છે તે જ ગલન થાય છે. આ લીમડો મીઠું પાણી પીવે છે છતાં પાને પાને કડવાશ આવી જાય છે. કુહાડીથી કાપો તો કુહાડી કડવી સોડે (ગંધાય) છે ! તે એક નાની લીંબોળીમાં કેટલી બધી કડવાશ ભરી છે તે તો જુઓ ! આ પુદ્‌ગલની કરામત તો જુઓ ! જે જે ઉપચાર કરો, મીઠું પાણી રેડો, પણ તેની કડવાશ વધે જ જશે. આ દુનિયામાં એક ચીજ પણ એવી નથી કે પૂરણ-ગલન ના થાય. પૂરણ-ગલન સ્વભાવ જ છે, ઈટ ઈઝ બટ નેચરલ (એ કુદરતી છે).

## પૂરણ-ગલન બાદ કરતા જડે શુદ્ધાત્મા

**પ્રશ્નકર્તા :** પહેલામાં પહેલો ફોડ પાડ્યો, પુદ્‌ગલ, પૂરણ-ગલનનો. આ પૂરણ-ગલનનો તમે જે ફોડ પાડ્યો. તે મને નથી લાગતું કે આ ભગવાન મહાવીર પછી કોઈ સમજ્યું હોય એ વાત ?

**દાદાશ્રી :** ના, પણ જ્ઞાની સિવાય શી રીતે સમજે લોકો ? આમાં ગજું જ નહીં ને લોકોનું. લોક પુદ્‌ગલ જ બોલ્યા કરે. પુદ્‌ગલ એટલે શું ? ત્યારે કહે, દેહ. એટલે દેહનું બીજું નામ પુદ્‌ગલ. આ આની શોધખોળ કરવા માટે મેં ૨૦ વર્ષ સુધી બહુ ટાઈમ લગાડેલો કે આ પુદ્‌ગલ ! ને આ બધા શબ્દો છે ને આ પુદ્‌ગલ, શી રીતે ભગવાન જડે ?

આ પુદ્‌ગલ શબ્દ બહુ મોટી શોધખોળ છે. એટલે આ પૂરણ-ગલન એટલું જ જો સમજાયું હોય ને, બહુ થઈ ગયું. આ પૂરણ-ગલન અને તું શુદ્ધાત્મા છું. તો એની મેળે પૂરણ-ગલન શું શું થાય છે એ જોઈ લે અને આ બાદ કરી નાખું, તો તું શુદ્ધાત્મા જ છું. હવે એટલી બધી સમજણ લોકોને હોય જ નહીં. એટલે પાછું જ્ઞાનીની પાસે આવવું પડે. આમ શીખવવાથી, આમ બોલવાથી કંઈ પેલો સમજી જાય ખરો કે બરોબર, વાત તમારી કરેક્ટ છે પણ પાછું અમલમાં મૂકવું વસમું પડી જાય ને !

## જોઈ જોઈને થશે શુદ્ધ પુદ્‌ગલ પરમાણુ

આ આપણે પોતાને શુદ્ધાત્મા બોલીએ છીએ ને, એટલે આ બહારવાળો જે ભૌતિક ભાગ છે ને, જેને 'પુદ્‌ગલ' કહીએ છીએ, તે આ પુદ્‌ગલ શું કહે છે કે અમારું શું ? હવે તમે શુદ્ધાત્મા થઈ ગયા પણ મુક્ત નહીં થાવ. જ્યાં સુધી અમારો નિવેડો નહીં આવે, ત્યાં સુધી તમે છૂટા નહીં થઈ શકો. એ શું કહે છે કે જ્યાં સુધી અમને અમારી મૂળ સ્થિતિમાં નહીં બનાવો, ત્યાં સુધી અમે તમને છોડવાના નથી. કારણ કે મારી મૂળ સ્થિતિને ખરાબ કરનારા તમે છો અને તમે અમને અમારી મૂળ સ્થિતિમાં મૂકી દો !

**પ્રશ્નકર્તા :** પણ એ તો મહીં આપણને કહે છે કે આ ચામડી છે, લોહી છે, હાડકાં છે, માંસ છે. આ પંચભૂતનું બનેલું છે એને અને અમારે શું ? એનું શું કામ છે ?

**દાદાશ્રી :** નહીં, નહીં, નહીં. ચંદુભાઈ જીવતા છે. તમે શુદ્ધાત્મા છો ને ચંદુભાઈ જીવતા છે. આ

ન્હોય (ખાલી) લોહી-માંસ-પરુનું ને બધાનું પૂતળું, આ જીવતું છે. નિવેડો લાવવો પડે એ તો !

**પ્રશ્નકર્તા :** અમે કોઈનું ખરાબ કરતા નથી, વ્યવસ્થિત છે એ પ્રમાણે થયા કરે.

**દાદાશ્રી :** ના, એવું ના ચાલે. આ શું કહે છે કે 'તમે' અમને ખરાબ કર્યા છે, તમે અમને આ વિકૃત બનાવ્યા. અમે જે પુદ્ગલ ચોખ્ખા હતા, પ્યૉર હતા, શુદ્ધ હતા, તેના અમને અશુદ્ધ બનાવ્યા, ઈમ્પ્યૉર બનાવ્યા, વિકૃત બનાવ્યા તમે. 'આપણે' ભાવ કર્યા ત્યારે વિકૃત થયા ને !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પુદ્ગલને, જડને વળી, સ્વકૃતિ શું ને વિકૃતિ શું ?

**દાદાશ્રી :** મહીં પાવર ચેતન છે ને ! તમે જુદા ને આ પુદ્ગલ ચેતનભાવવાળું જુદું છે. પુદ્ગલમાં પાવર ચેતન છે, સાચું ચેતન નથી.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલને ખરાબ કોણે કર્યું ?

**દાદાશ્રી :** 'આપણે' ભાવ કર્યા તે જ ભાવકર્મ. એ જ પુદ્ગલ ઊભું થયું. જો ભાવકર્મ ના થયા હોત તો આ પુદ્ગલ ઊભું ના થાત. પુદ્ગલને કશું લેવાદેવા નથી. એ તો વીતરાગ જ છે બિચારું. 'તમે' ભાવ કરો એટલે તરત એ પરિણામ પામી જાય. એટલે અશુદ્ધ પરમાણુ થયા છે, તેને શુદ્ધતાથી શુદ્ધ કરવાના છે. બીજું કશું નહીં.

એટલે જેટલા ડિસ્ચાર્જ બાકી છે એટલા અશુદ્ધ રહ્યા છે, તેય અત્યારે તમે જોઈ જોઈને જવા દેશો એટલે શુદ્ધ થઈને ચાલ્યા જશે.

### જ્ઞાની વર્તે હોમ ડિપાર્ટમેન્ટમાં

અમારું તપ અમને સંસારમાં ઘડીવાર ના રહેવા દે, એવું અમારું તપ હોય. તપ એટલે હોમ ડિપાર્ટમેન્ટમાંથી ફોરેનમાં ક્યારેય પણ જાય નહીં. ફોરેનમાં જરાક મોઢું ઘાલ્યું હોય તે પહેલાં અંદર બૂમ મારે. એટલે હોમ અને ફોરેન વચ્ચેનો જે સાંધો છે, ત્યાં અમારું તપ ઊભું રહેવાનું. એટલે પરપરિણતિ ને સ્વપરિણતિ, તમે શબ્દ સાંભળેલો ને ? તે અમારી પરપરિણતિ એક સેકન્ડ પણ ના થાય.

ભગવાને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ, ચાર પાયા મોક્ષના કહ્યા. તે ચારેય છે તે અહીં મનુષ્ય પાંચ ઈન્દ્રિયોથી જોઈ શકે એમ નથી. જે તપ કોઈને દેખાય નહીં છતાં તપ હોય તે જ મોક્ષે લઈ જાય. દેખાય તે તપ ચતુર્ગતિમાં લઈ જાય.

**પ્રશ્નકર્તા :** કંઈ બેઠું નહીં, દાદા. એ ફરી વાર કહો જરા, અને જરા વિસ્તારથી કહો. એનું રહસ્ય ખોલો થોડુંક.

**દાદાશ્રી :** એ જેને જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ એ ચાર પાયા હોય ને, તેનું બહાર કશું ના દેખાય. જ્ઞાનેય ના દેખાય, દર્શનેય ના દેખાય, ચારિત્ર ના દેખાય ને તપેય ના દેખાય. બહાર આમ પાંચ ઈન્દ્રિયોથી ના દેખાય, એ તો એના પરિચયથી સમજાય. કારણ કે બધું આંતરિક હોય છે અને બાહ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ, એ સંસારનું કારણ છે.

### આત્મા-અનાત્માના સાંધા પર જ્ઞાનીનું તપ

અમે નિરંતર ચોવીસેય કલાક તપમાં હોઈએ પણ અમારું તપ અદીઠ તપ હોય. જે તપ દેખવામાં આવે તેનું પુણ્ય બંધાય. જે તપ બીજા જોઈ શકે એનું પુણ્ય બંધાય. જે તપ દેખાય નહીં એનાથી મોક્ષ થાય. એટલે અદીઠ તપ હોય.

**પ્રશ્નકર્તા :** અદીઠ તપ કેવું હોય ?

**દાદાશ્રી :** કોઈનાથી દેખાય નહીં એવું, કે જે આત્મા ને અનાત્માના સાંધા ઉપર અમારું તપ હોય. એકાકાર ના થવા દે, તન્મયાકાર ના થવા

દે એ સાંધા ઉપર હોય. એટલે અંદરનું તપ આ બહાર કેમ દેખાય લોકોને ? બહાર તો ઉદય હોય તેવું હોય બધું, પણ અંદરનું તપ એ અદીઠ તપ કહેવાય. એ હોમ ડિપાર્ટમેન્ટમાંથી ફોરેનમાં જવા ના દે. ફોરેનમાં સુપરફ્લુઅસ રાખે. ફોરેનમાં છે તે એનું જે ઉદય કર્મ છે ને, એ ઉદય કર્મને આધીન રાખે. એમાં પોતે આ અંગુલિ ના કરે. મારું કોઈ તપ દેખાય છે તમને ?

અમે નિરંતર તપમાં હોઈએ. એક સમય પણ તપની બહાર ના હોઈએ. હવે તપ એટલે તમારે શું તપવાનું ? મારું તપ એ જુદું તપ હોય. મારું ફોરેનમાં જાય જ નહીં. ઉપયોગ ફોરેન (અનાત્મા)માં જાય જ નહીં, ઉપયોગ હોમ (આત્મા)માં જ રહે. મારું તપ એ દશાનું હોય.

## સ્વસ્થ-અસ્વસ્થને જાણનાર શુદ્ધાત્મા

**પ્રશ્નકર્તા** : અવસ્થામાં અસ્વસ્થ રહે છે, તે પોતે જોઈ શકે છે ને જાણી શકે છે છતાંય સ્વસ્થ નથી રહેવાતું, એટલું બુદ્ધિનું આવરણ વધારે કહેવાય ?

**દાદાશ્રી :** ના, ત્યાં આગળ શું ન્યાય છે કે દાદાએ જે આત્મા આપેલો છે, 'શુદ્ધાત્મા', તે જ આ બધું જોનાર છે. 'તે' રૂપે 'આપણે' રહીએ તો કશી ભાંજગડ નથી. નહીં તો સ્વસ્થ અને અસ્વસ્થ જોવા જઈએ તો પાર જ નથી આવે એવો.

**પ્રશ્નકર્તા** : એની ચાવી કઈ ?

**દાદાશ્રી** : સ્વસ્થ થાય કે અસ્વસ્થ થાય, બેઉનો જાણકાર શુદ્ધાત્મા છે. અસ્વસ્થ થાય છે એટલે પોતે 'ફોરેન'માં હાથ ઘાલે છે. સ્વસ્થ થાઓ કે અસ્વસ્થ થાઓ, અમારે 'જાણ્યા' સાથે કામ છે. આ બધી પૌદ્‌ગલિક અવસ્થા છે અને પૌદ્‌ગલિક અવસ્થાને જાણે તે 'શુદ્ધાત્મા' કહેવાય. પૌદ્‌ગલિક એટલે પૂરણ-ગલન થયેલી ! જે અસ્વસ્થતા તમને આવે છે તે પૂરણ થયેલી હોય તો જ અત્યારે આવે, તે અત્યારે આવીને ગલન થઈ જાય.

'ફોરેન'માં હાથ ઘાલ્યો કે દાઝ્યા વગર રહે જ નહીં. અમે 'ફોરેન'માં હાથ ઘાલીએ જ નહીં. કારણ કે આમ જે ફળ મળવાનું છે તે તો મળવાનું જ છે. ઉપરાંત એણે હાથ ઘાલ્યો તેનું 'ડબલ' ફળ મળે છે. એટલે બે ખોટ ખાય છે. આપણે એક જ ખોટ ખાવાની. 'ચંદુભાઈ' અસ્વસ્થ છે એવું 'તમારે' જાણ્યા કરવાનું. એ પા કલાક પછી ખલાસ થઈ જશે. 'જોયા' કરશો તો બે ખોટ નહીં જાય.

**પ્રશ્નકર્તા** : અસ્વસ્થતાનો સમય જેટલો વધારે ખેંચાય એટલું વધારે આવરણ કહેવાય ?

**દાદાશ્રી :** હા, જેટલું આવરણ એટલું ખેંચાયા કરે. પણ 'તમે' શુદ્ધાત્મા તરીકે જોયા કરશો તો એ ગમે એટલું આવરણ હોય તોય એ ઝપાટાબંધ ઊડી જશે. એનો ઉકેલ આવી જાય ને એમાં પોતે હાથ ઘાલવા ગયો હોય તો મારીને માથાકૂટ ઊભી થાય.

## ફોરેનમાંથી આવો શુદ્ધાત્માના સ્ટ્રોંગ રૂમમાં

હવે તમે જ્યાં સૂઈ રહો ત્યાં આનંદ. ટાઢમાં અગાશીમાં સૂવાનું થાય તોય ત્યાં આનંદ. તમે તમારી રીતે મહીં શુદ્ધાત્માની ગુફામાં પેસી જાવ ને, તે ટાઢ નીકળી જાય અને શેઠને બંગલામાંય ટાઢ વાયા કરે. કારણ કે એ બહાર ને બહાર જ ફાંફા માર માર કર્યા કરે. અલ્યા, તારી રૂમમાં જાને નિરાંતે ! પણ રૂમ જોઈ નથી તે ક્યાં જાય ? અને તમે તો 'રૂમ'માં સૂઈ જાવ, તે બહાર છોને વરસાદ પડવાનો હોય કે પછી ટાઢ પડે !

વાવાઝોડું મોટું આવે તો ડગશો નહીં ને હવે ?

**પ્રશ્નકર્તા :** જરાય નહીં.

**દાદાશ્રી :** આપણી પાસે શુદ્ધાત્માનો સ્ટ્રોંગ રૂમ છે, કોઈ નામ જ ના લે ત્યાં એવી સ્ટ્રોંગ રૂમ છે આ તો. પોતાના હોમ ડિપાર્ટમેન્ટમાં પેસી જવાનું, આ તો બધું ફોરેન છે. તે ફોરેનમાં ભલે ને બૂમો પાડે, આપણે હોમના સ્ટ્રોંગ રૂમમાં પેસી ગયા, પછી કોઈ નામ લેનાર જ નથી. હવે અનુભવ થશે ને ! પહેલાં હોમમાં બેઠા પછી જ અનુભવની શરૂઆત થાય ને ! ત્યાં સુધી હજુ ફોરેનમાં ને ફોરેનમાં જતું રહેવાય. હજુ તો શુદ્ધાત્મા થયા પછીય અંદર નથી જતા, બહાર જતા રહો છો. કારણ કે અભ્યાસ નથી અંદર જવાનો. અન્‌અભ્યાસ છે ને ! તે પહેલો અભ્યાસ થોડો કરવો જોઈએ ને ?

હજુ તો જાતજાતના મહીં વાવાઝોડા આવે તો ત્યાં પણ સ્થિરતાપૂર્વક ઉકેલ લાવવો. વાવાઝોડાં શેના શેના આવવાના ? પૂર્વકર્મના. એટલે એ ભરેલો માલ છે. પૂરણ થયેલું તે ગલન થતી વખતે વાવાઝોડું ઊભું થાય. તે વખતે આપણે સ્થિરતા પકડવી જોઈએ કે વાવાઝોડું આવ્યું છે. આપણે શુદ્ધાત્મા, આપણે હોમ ડિપાર્ટમેન્ટમાં બેસીને જોયા કરવું.

કારણ કે તમારે આત્મા જુદો વર્તે છે, હંડ્રેડ પરસેન્ટ અને પુદ્‌ગલ જુદું વર્તે છે અને શુદ્ધાત્મા દશા આપેલી છે. હવે આને કશું બગડે નહીં, ક્યારેય પણ ના બગડે. તમે જાણી જોઈને ઉખાડવા માંગો તો ઉખડી જાય, નહીં તો ઉખડે નહીં. સમજણ વધતી-ઓછી પડે, તેનો સવાલ જ નથી. સમજણની જરૂર જ નથી. જ્ઞાની પુરુષની કૃપાનું જ ફળ છે. આ અક્રમ વિજ્ઞાન એટલે કશું તમારે કરવાનું નહીં.

## ચંદુલાલ પ્રયોગ, શુદ્ધાત્મા પ્રયોગી

પ્રયોગ અને પ્રયોગી બે જુદા હોય કે એક હોય ? 'ચંદુલાલ' એ પ્રયોગ છે ને 'પોતે', શુદ્ધાત્મા એ પ્રયોગી છે. હવે પ્રયોગને જ પ્રયોગી માની બેઠા છે. પ્રયોગમાં વસ્તુઓ કાઢવાની હોય, નાખવાની હોય; જ્યારે પ્રયોગીમાં પૂરણ-ગલન ના હોય. આ 'પ્રયોગ'માં ખાવાનું-પીવાનું નાખવાનું હોય અને સંડાસ-બાથરૂમમાં ગલન કરવાનું હોય.

''પોતે જ પ્રયોગી છે, પ્રયોગોની મૂર્છનામાં.''

- નવનીત

પ્રયોગી પોતે જ પ્રયોગોની મૂર્છનામાં પડ્યો છે, એટલે પોતાના સ્વરૂપનું ભાન ભૂલી ગયો. અત્યારે કોઈ પ્રયોગ ચાલતો હોય, ઊકળતું પાણી હોય, તેમાં હાથ ઘાલવા જાય તો શું થાય ? આમાં ખબર પડે છે ને આત્માની બાબતમાં ખબર નથી પડતી એટલે હાથ નાખ્યા જ કરે છે. પછી ભિન્નતા વર્તાતી નથી. 'હું જુદો છું' એમ વર્તાય જ નહીં ને પછી !

**પ્રશ્નકર્તા :** આમાં મૂળ પ્રયોગી કોણ ?

**દાદાશ્રી :** આત્મા જ પ્રયોગી છે. આ તો તમને સમજાવવા માટે શબ્દો મૂક્યા છે. આ દેહ પ્રયોગ છે ને એનાથી જુદો છે એ આત્મા છે, માટે પ્રયોગમાં ડખલ ના કરશો.

## શુદ્ધાત્મા કહેતા પરમાણુ પેસે નહીં

'હું ચંદુભાઈ છું' એવું જ્યાં સુધી હતું, ત્યાં સુધી આખો દહાડો ધર્મક્રિયા કરે તોય એ પરમાણુ મહીં પેસ્યા કરે, પૂરણ થયા કરે. કારણ કે 'અલ્યા ભાઈ પરમાણુ, તમે કેમ મારા ઘરમાં પેસો છો ?' ત્યારે કહે છે કે 'તમે પોતે જ પુદ્‌ગલ છો. તમે જો આત્મા છો તો અમારે કંઈ અવાય નહીં. હા, તમે 'હું ચંદુભાઈ છું' કહો છો, માટે અમે આવીએ છીએ.' હવે 'હું શુદ્ધાત્મા' કહે, એટલે આ બધા પરમાણુ મહીં પેસે નહીં. કોઈ પણ ક્રિયા કરો તો પરમાણુ પેસે નહીં. અને પરમાણુ પેસે

તો પુદ્‌ગલ પૂરણ થયા કરે અને તો પાછું ગલન થવાનું.

પણ જેને આત્મા પ્રાપ્ત થયો ત્યાં પરમાણુ જ પેસે નહીં. પછી ફળ ક્યાંથી આપવાનું હોય ? કડવા પણ નહીં ને મીઠાંયે નહીં. પોતાના સુખમાં રહેવાનું. અને આમ કડવા-મીઠાં એ પોતાના સુખને આવવા ના દે ને કડવા-મીઠાંમાં જ રાખે. અને પેલું પોતાનું સ્વયં સુખ, જેની તૃપ્તિ રહે, નિરંતર તૃપ્તિ કરે. કોઈ વસ્તુ ના હોય તોય ચાલે એવું પોતાનું સુખ છે.

## પોતે અસંગ એવો શુદ્ધાત્મા

તમને આત્મા આપ્યો છે. તમને પોતાનું સ્વરૂપ, સર્વ સંગથી રહિત માત્ર આત્મા આપ્યો છે. કોઈ સંગ એને અડે નહીં, અને જો સંગ અડે તો આત્મા કોઈ દહાડોયે આત્મવત્ થાય નહીં. એ સંગથી અસંગ બનાવ્યા પછી તો આ જ્ઞાન તમને પરિણામ પામ્યું છે, નહીં તો પામે નહીં ને ! હવે નિશ્ચયથી અસંગ છો, એટલે અસંગ થઈ ગયા છો, નિશ્ચયથી. વ્યવહારના લોકોય બોલે પણ તે ના ચાલે. તમારે તો અસંગ સ્વરૂપનું લક્ષ રહે છે જાતે. લક્ષ એટલે શું ? આત્મધ્યાન કહેવાય. પહેલું 'હું ચંદુભાઈ છું' એવું ધ્યાન હતું, હવે 'શુદ્ધાત્મા છું' ધ્યાનમાં આવ્યું. આ 'હું શુદ્ધાત્મા છું' ધ્યાનમાં અમુક ભાગ તો ઘણો ખરો શુદ્ધાત્મા ધ્યાનમાં જાય. બહુ ફાઈલો હોય તો જરાક ચૂકી જાય, પણ તોયે ધ્યાનમાં શું છે ? શુદ્ધાત્મા. એ શુક્લધ્યાન છે, અસંગ સ્વરૂપ છે. આથી મોટું પદ વર્લ્ડમાં કોઈ ન હોય. આ તો અવિરતિપદ છે. એટલા માટે સાચવવાનું એટલું જ કે આપણે અવિરતિપદમાં આવ્યા છીએ. એટલે આ બધાનો નિકાલ તો કરવો પડશે ને ? અમારી આજ્ઞામાં રહે એટલો ઉકેલ થઈ જાય.

અસંગ એટલે 'હું શુદ્ધાત્મા', એના સિવાય બીજું ભાન નહીં. પોતે અસંગ એવો શુદ્ધાત્મા છે.

## મોટામાં મોટું વિઝન, જીવમાત્ર શુદ્ધાત્મા

**પ્રશ્નકર્તા :** આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી હું સંપૂર્ણપણે નિર્વિકારી (અસંગ) થઈ ગયો કે મારો માલ સંપૂર્ણપણે ખપી ગયો એની શી નિશાની ?

**દાદાશ્રી :** નિશાની તો હવે નિરંતર સમાધિ રહે. આપણને ઉપાધિમાંય સમાધિ રહે.

**પ્રશ્નકર્તા :** એ તો અત્યારે પણ થોડું ઘણું તો રહે જ છે.

**દાદાશ્રી :** ના, પણ સંપૂર્ણ રહે તો એ નિશાની, બીજું કશું નહીં. નિરંતર જાગૃતિ એ જ સંપૂર્ણ.

**પ્રશ્નકર્તા :** એ ઉપાધિ તો આમ જતી રહી. અમે ચિંતામુક્ત થઈ ગયા, તમે અમને બનાવી દીધા. તોય પણ એનીય કંઈક નિશાની હશે ને કે, અમને કંઈક એવું વિઝન થાય કે આ પ્રમાણે થાય તો અમે એ પ્રમાણે જાગ્રત થયેલા છીએ પૂર્ણ ?

**દાદાશ્રી :** વિઝન તો મોટામાં મોટું થઈ ગયું. વિઝન તો 'હું શુદ્ધાત્મા છું' એ વિઝન ને બીજામાં શુદ્ધાત્મા દેખાય છે એ વિઝન. બીજા વિઝન કામના નહીં ને ! બીજા વિઝન તો બધા નકામા, નાટકીય વિઝન કહેવાય.

જીવમાત્ર શુદ્ધાત્મા છે, અવ્યક્ત ભાવે બધાય શુદ્ધાત્મા જ છે. પણ શુદ્ધાત્મા એનું અજવાળું વ્યક્ત થવું જોઈએ. વ્યક્ત થયું એ અજવાળું, એ દીવાદાંડીનું કામ કરી શકે, ઑબ્ઝર્વેટરીનું કામ કરી શકે.

**પ્રશ્નકર્તા :** એટલે વિશુદ્ધ છે એ ?

**દાદાશ્રી :** વિશુદ્ધ જ છે, બધા જીવમાત્ર વિશુદ્ધ છે, પણ વિશુદ્ધતાનું ભાન નથી. લોકોને એ ભાન થાય તો દીવાદાંડી થાય. એ બીજાને અજવાળું આપી શકે. એટલે આ જ્ઞાની ભાનમાં

લાવે આપણને, (અન્યથા) બેભાનપણે વર્તે છે. લોકોએ જે કહ્યું એ જ્ઞાન પોતે નક્કી કરીને સ્વીકારી લીધેલું છે. એટલે લોકોની સંજ્ઞાથી ચાલ્યા છે લોક, જ્ઞાનીની સંજ્ઞાથી ચાલ્યા નથી. જો ચાલ્યા હોત તો છુટકારો થઈ જાત.

## જ્ઞાન પછી સ્વરૂપની રમણતા

જ્ઞાન મળ્યા પછી 'હું શુદ્ધાત્મા છું' એ ભાવ ઉત્પન્ન થયા પછી આ બધા કોઝીઝ બંધ થઈ ગયા. ભોક્તાપણું બંધ થઈ ગયું ને પોતાના સ્વભાવનો, સ્વરૂપનો ભોક્તા થઈ ગયો. આખું જગત પરરમણતામાં છે, પુદ્‌ગલ ભોક્તામાં છે અને સ્વરૂપવાળા સ્વરમણતામાં, સ્વરૂપના ભોક્તા. સ્વરૂપનો ભોક્તા થયો એટલે બીજું ખરાબ પેસવાનું નહીં ને ! સ્વરમણતા ઉત્પન્ન થઈ એ જ મોક્ષ છે.

**પ્રશ્નકર્તા :** આપના અક્રમ જ્ઞાન થકી જે આત્મરમણતા ચાલુ થઈ જાય છે, તે જ્ઞાન વિશે જણાવશો ?

**દાદાશ્રી :** જે જ્ઞાન અનાત્મામાં ભેળા નથી થવા દેતું. પરભાવમાં, પરરમણતામાં ભેગું ના થવા દે, એ જ્ઞાન અને એ જ આત્મા છે. હોમ ડિપાર્ટમેન્ટમાં જ રાખે, ફોરેનમાં પેસવા ના દે.

જ્ઞાન પોતે જ મુક્તિ છે, મોક્ષમાં રાખે, બંધન થવા ના દે.

આ જગત જે છે તેને સત્ય માનવું ને તેમાં જ રમણતા કરવી તે અશુદ્ધ ચિત્ત અને આ જગતનું જે જ્ઞાન-દર્શન છે તે સાચું નથી એમ માનવું ને સાચી વસ્તુમાં રમણતા રાખવી, એનું નામ શુદ્ધ ચિત્ત. શુદ્ધ ચિત્ત એ જ શુદ્ધાત્મા છે.

એટલે વીતરાગોએ કહ્યું, અનંત પરમાણુઓમાંથી ચિત્ત સ્વરૂપમાં આવશે તો ઉકેલ આવશે. એટલે રમણતા શેની જોઈએ ? સ્વરૂપની. અમે તમારી જોડે વાત કરતા સ્વરૂપની રમણતામાં હોઈએ. ઊંઘતા, ખાતા-પીતા, ચાલતા સ્વરૂપની રમણતામાં જ હોઈએ !

## શુદ્ધાત્માની રમણતા એ જ મુખ્ય

શુદ્ધાત્માની રમણતા એ જ મુખ્ય વસ્તુ છે, ત્યાં સુધી આ પુદ્‌ગલની રમણતા કહેવાય. આ બધું પુદ્‌ગલ જ કહેવાય ને ! જે રૂપે કહો, આ રૂપે કહો કે તે રૂપે કહો, પણ બધા રૂપે પુદ્‌ગલ જ છે. બધા જેટલા સાધન માર્ગે છે, એ બધા પૌદ્‌ગલિક રમણતામાં છે.

પુદ્‌ગલ રમણતા એનું નામ જ સંસાર. એનાથી કંઈ દહાડો વળશે નહીં. તું ગમે તે હોય, એમાં ભગવાનને શું લેવાદેવા ? ભગવાનને પૂછે, કે 'રમણતા શી છે ?' ત્યારે એ કહે, 'પુદ્‌ગલ રમણતા.' ત્યારે એ કહે, 'સાહેબ, બધા શાસ્ત્રોના જાણકાર છીએ.' ત્યારે ભગવાન કહે, 'તે અમારે વાંધો નથી. એ જાણ્યું છે તેનું ફળ મળશે, પણ રમણતા શું છે ?' ત્યારે કહે, 'પુદ્‌ગલ રમણતા.'

'હું ચંદુભાઈ ને આ બધું મારું, આનો ધણી ને આનો બાપો ને આનો મામો.' શાસ્ત્રોય પુદ્‌ગલ કહેવાય. સાધુ મહારાજો શાસ્ત્રોને રમાડ રમાડ કરે તેય પણ પુદ્‌ગલ રમકડાં જ કહેવાય. ત્યાં સુધી કોઈ દહાડો આત્મરમણતા ઉત્પન્ન થાય નહીં.

પુદ્‌ગલથી વિરામ પામવું એનું નામ વિરતિ. આખુંય જગત ક્રિયાઓમાં જ પડ્યું છે પણ એકમાત્ર દૃષ્ટિની જ જરૂર છે. બધા જ પરરમણતામાં જ છે, એકુંય સ્વરમણતામાં જ નથી. શાસ્ત્રો રમાડે, શિષ્યો રમાડે, ફોટા રમાડે એ બધી સંસાર રમણતા જ છે. આત્મરમણતા એક સેકન્ડ પણ ચાખે તો છુટકારો થાય. જ્ઞાની સિવાય આત્મરમણતામાં કોઈ લાવી જ ના શકે.

## આજ્ઞા કરે સ્થિર સ્વરમણતામાં

આત્માની રમણતા ઉત્પન્ન થયા પછી કશું

કામ રહેતું નથી. અમે તમને આત્મા આપીએ, તેની રમણતા તમારે ઊભી નહીં કરવી પડે. અમે મહીં મૂકી આપીએ એવું કે તમને રમણતા ઊભી થઈ જાય, એની મેળે. તમારે કશું કરવાનું નહીં, સહજ છે આ. જો તમારે કંઈ પણ કરવાનું રહેતું હોય તો જ્ઞાની પુરુષ મળ્યા નથી એમ નક્કી થાય. જ્ઞાની પુરુષ એટલે કશું કરવાનું ના રાખે. લિફ્ટમાં બેસાડીને મોક્ષમાં લઈ જાય અને પછી જ્ઞાની પુરુષ જ ચલાવે. આપણે તો એમની આજ્ઞાપૂર્વક બેસી રહેવાનું. આ સ્વરમણતા થયા પછી ધર્મ શું કરવાનો ? ત્યારે એમણે આજ્ઞા આપી હોય, બસ એ આજ્ઞામાં રહેવું. આજ્ઞા એ પ્રોટેક્શન છે. સ્વરમણતા પ્રાપ્ત થયેલાનું પ્રોટેક્શન (રક્ષણ) શું ? ત્યારે કહે, આજ્ઞા ! એટલે અમે પાંચ આજ્ઞા આપીએ છીએ બધી.

એક ફેરો આત્મા જાણ્યા પછી આ પાંચ આજ્ઞા પાળતો હોય, તે ઘડીએ આત્મરમણતામાં પેસતા શીખ્યો. એ રમણતા પછી ધીમે ધીમે સ્થિર થતી જાય અને આ પુદ્ગલ રમણતા બંધ થતી જાય. પછી આ પુદ્ગલના રમણથી મુક્ત થયો, એને નિરંતર મુક્ત કહેવાય, એ 'પરમાનંદ' દશા. પરરમણથી મુક્ત થયો. પછી મુક્ત જ છે, અહીં બેઠોય મુક્ત !

### ના ગમતાનાય જ્ઞાતા એ સ્વરમણતા

(આ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી) મોક્ષ તો થઈ જ ગયેલો છે. પણ હવે જે થઈ જાય છે રમણતા તે બે પ્રકારની.

(૧) 'હું શુદ્ધાત્મા છું' તેમ જાણો અને જે નથી ગમતી તેવી રમણતા કરવી પડે છે. બહાર જવાનું ના ગમતું હોય પણ પહેલા સહી કરી આપેલી છે તે રમણતામાં રહેવું પડે.

(૨) બીજી, સ્વરૂપની રમણતા.

બીજા લોકો પહેલી રમણતામાં તન્મયાકાર થઈ જાય. જ્યારે આપણને પણ (પહેલા પ્રકારની) રમણતા આવે ખરી પણ તેમાં આપણે તેના જ્ઞાતા-દ્રષ્ટા હોઈએ. તેમાં આપણે તન્મયાકાર ન થઈ જઈએ.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે. ચંદુને જોયા કરે.

**દાદાશ્રી :** એ ચંદુ જે કરે છે તે જ્ઞેય છે અને તમે જ્ઞાતા છો. તમે જ્ઞાતા એ સ્વરમણતા, જ્ઞેયને જોવું એ સ્વરમણતા.

### સ્વરમણતા કેવળ ચારિત્ર થતાં સુધી જ

આપણે જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં આવવાનું છે, એ ચારિત્ર કહેવાય. જેટલું અખંડ જ્ઞાન-દર્શન ભેગું થાય કે ચારિત્ર એટલું ઊભું થઈ જાય.

ચારિત્ર એટલે રમણતા. દ્રષ્ટાભાવમાં રહેવું એ, જ્ઞાતા-દ્રષ્ટામાં રહેવું ને એમાં રમણતા થવી એ ચારિત્ર.

આત્માની રમણતા એટલે 'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ ત્યાંથી માંડીને છેલ્લું 'શુદ્ધ ચારિત્ર'માં વર્તે ત્યાં સુધીનું.

**પ્રશ્નકર્તા :** સ્વભાવ રમણતા એ જ યથાખ્યાત ચારિત્ર ?

**દાદાશ્રી :** હા, યથાખ્યાત કહેવાય. એના આગળનું ચારિત્ર એ કેવળ ચારિત્ર કહેવાય. આ પૂરું થાય એટલે કેવળ ચારિત્ર કહેવાય.

વીતરાગ ચારિત્રની અંદર જ પછી, એની રમણતા એમાં ને એમાં જ રહ્યા કરે, એ ભગવાન મહાવીરનું ચારિત્ર.

આત્માની પૂર્ણ દશા ઉત્પન્ન થતા સુધી આ રમણતા રહે છે. આત્માની રમણતા ક્યાં સુધી ? પોતાની પૂર્ણ દશા ઊભી થઈ એટલે પછી રમણતા રહી જ નહીં ને ! પોતે, પોતે (પૂર્ણ સ્વરૂપ, પરમાત્મા) જ થઈ ગયો ને ! એટલે પૂર્ણ દશા આત્માની છે તે.

બાકી, શુદ્ધાત્મા જ છે. સર્વ રીતે સ્વભાવ એટલે સ્વભાવ બીજો પોતાનો હોતો જ નથી, એ જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદી, એ જ એનો સ્વભાવ એટલે પોતાનો નિજ સ્વભાવ. અને શુદ્ધાત્મા સમજાયો એટલે થઈ ગયું, બધું કામ થઈ ગયું.

'હું શુદ્ધાત્મા છું', જ્ઞાતા-દ્રષ્ટા, 'ચંદુભાઈ શું કરી રહ્યા છે' એને જોયા કરું, તેને આત્મરમણતા કહેવાય. એને 'આત્માને રમાડ્યો' કહે છે. આત્મા રમાડવાનો માર્ગ છે આપણો. આ રમકડાંને રમાડે એ તો આ જગત આખું રમાડે છે પણ ચેતન જેવો આત્મા, આ પરમાત્મા એને રમાડે છે પોતે. એને આત્મરમણતા કહેવાય. આ દેહની રમણતા, ભૌતિક ચીજની રમણતા, જડ ચીજની રમણતા અને પેલી ચેતનની રમણતા.

## શુદ્ધાત્માની રમણતા જુદી જુદી રીતે

**પ્રશ્નકર્તા :** મહાત્માને 'નિજ વસ્તુ' રમણતા વધારે કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** રમણતા તો બે-ચાર રીતે થાય. બીજી કોઈ રમણતા ના આવડે તો 'હું શુદ્ધાત્મા છું', 'હું શુદ્ધાત્મા છું' એવું કલાક-બે કલાક બોલે તોય ચાલે, એમ કરતા કરતા રમણતા આગળ વધે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે બે-ચાર પ્રકારની આત્મરમણતા કહી, તે જરા વિશેષ સમજાવો.

**દાદાશ્રી :** આ કેટલાક 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' કરે. કેટલાક 'શુદ્ધાત્મા' લખીને કરે, તે એ આમાં લખીને કરે તો દેહેય એમાં મહીં રમણામાં પેઠો. દેહ ને વાણી બેઉ પેઠા, એટલે મન તો મહીં હોય જ. અને કેટલાક આ બહારનો વ્યવહાર ચાલતો હોય છતાંય મનથી જો શુદ્ધાત્માની ખરેખર રમણા કરે ને, એના ગુણની, એ સિદ્ધસ્તુતિ કહેવાય. એ બહુ કામ આપનારી, બહુ ફળ આપનારી છે.

પહેલું જાડું કરે ને, એટલે પુદ્ગલ રમણતા છૂટવા માંડે. એમ કરતા કરતા ઝીણું થાય અને જો એના ગુણ જ બોલ્યા કરે, અને શુદ્ધાત્માના ગુણોમાં રમણા કરે, જેમ કે 'હું અનંત જ્ઞાનવાળો છું', 'હું અનંત દર્શનવાળો છું', 'હું અનંત સુખનું ધામ છું', 'હું અનંત શક્તિવાળો છું' બોલો, એટલે સાચો રસ ઉત્પન્ન થઈ જાય ! એ સાચી રમણતા કહેવાય. એ તરત જ, 'ઑન ધ મોમેન્ટ' ફળ આપે ! પોતાનું સુખ અનુભવમાં આવે.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલના રસોને દબાવીએ, તો આત્માના રસો ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** ના, દબાવવાનો અર્થ જ નથી. એ તો એની મેળે ફિક્કા થઈ જાય. આત્માના ગુણો કલાક-કલાક સુધી બોલો તો તરત ઘણું બધું ફળ આપે. આ તો રોકડું ફળવાળી વસ્તુ છે, અગર તો દરેકની મહીં 'શુદ્ધાત્મા' જોતા જોતા જાવ તોય આનંદ થાય એવું છે.

'હું શુદ્ધાત્મા છું' એ લક્ષમાં નિરંતર રહે અને બીજાને શુદ્ધ જુએ, એ શુદ્ધ રમણતા કહેવાય. એ રમણતા આત્માની રમણતા કહેવાય. પછી બીજી સમભાવે નિકાલ કરતી વખતે આત્માની રમણતા. સમભાવે નિકાલ કરો તો આત્માની રમણતા. પછી પાંચમું પદ છે તે શુદ્ધાત્માનો ચોપડો એટલે અહીં આવ્યા, તે આત્મા રમણતા. એટલે આપણે પાંચેય આજ્ઞા આત્મરમણતા છે.

**પ્રશ્નકર્તા :** સામા માણસમાં શુદ્ધાત્મા જોઈએ, તો સામા માણસને આનંદ થવો જોઈએ ને ?

**દાદાશ્રી :** ના થાય. કારણ કે એની વૃત્તિઓ તે ઘડીએ શેમાંય પડેલી હોય ! એ શેનાયે વિચારમાં પડેલો હોય ! હા, એનામાં 'શુદ્ધાત્મા' જોવાથી તમને બહુ ફાયદો થાય. સામાને ફાયદો તો 'જ્ઞાની પુરુષ' એકલા જ કરી શકે !

આરાધન કરવા જેવું, રમણતા કરવા જેવું આ 'રિયલ' એક જ છે ! 'શુદ્ધાત્મા'ની રમણતા એટલે નિરંતર 'શુદ્ધાત્મા'નું ધ્યાન રહે તે ! હવે સ્વરમણતા કરવાની, બીજું કશું કરવાનું નથી.

## દાદાની ભક્તિ તે શુદ્ધાત્માની ભક્તિ

છતાં આ જ્ઞાન મળ્યા પછી દાદા યાદ રહ્યા કરે ને, તેય આત્મરમણતા કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદા, આ સમજાયું નહીં. જ્ઞાન ન મળ્યું હોય તો દાદાની કીર્તનભક્તિ પરરમણતા કહેવાય અને જ્ઞાન મળ્યું હોય તો તે જ વસ્તુ સ્વરમણતા કહેવાય ?

**દાદાશ્રી :** એ બધું સ્વરમણતામાં જાય. જ્ઞાની પુરુષ એ પોતાનો જ પ્રગટ શુદ્ધાત્મા છે. માટે એમના માટે જે કીર્તનભક્તિ હોય, એ બધું સ્વરમણતામાં જ જાય. પણ તે રમણા સાંઈઠ ટકા ફળ આપે. સાંઈઠ ટકા રમણતા તો બહુ મોટી કહેવાય. આ સાંઈઠમાંથી તે સો ટકા થશે.

કારણ કે જ્ઞાની પુરુષ એ પોતાનો આત્મા છે. એટલે મૂળ આત્મા તો હજુ પકડતા જ વાર લાગે એને, પણ જ્ઞાની પુરુષની રમણતા કરીએ ને, આમ આંખો સામે દેખાય હરતા-ફરતા, પછી બીજું એથી વધારે શું જોઈએ ?

પછી દાદા યાદ રહે, આ પદ ગા ગા કરે ને, તો આ સાંઈઠ ટકા રમણા થાય એવું છે. ખાલી પદ જ ગા ગા કરે કલાક-બે કલાક. અને પછી મોઢે થઈ જાય ને, તો બેઠા બેઠાયે છે તે એ ચાલ્યા કરે.

દાદાનું નામ દેવું તે પોતાના જ 'શુદ્ધાત્મા'નું નામ દીધા બરાબર છે. આ પદો ગાય તે પોતાના જ શુદ્ધાત્માનું કીર્તન ગાય, એના જેવું છે. અહીં બધું જ પોતાનું છે. આ આરતી પણ પોતે પોતાની જ છે, અમારું કશું નહીં. જેને જેટલું કરતાં આવડ્યું એટલું ફાવશે.

છતાં ખરી રીતે દાદા યાદ આવે એ નિજસ્વરૂપનું સાધન કહેવાય, નિજસ્વરૂપ ના કહેવાય અને તમને શુદ્ધાત્માનું લક્ષ રહે એ નિજસ્વરૂપની રમણતા કહેવાય.

## જ્ઞાનીએ જોયેલો શુદ્ધાત્મા

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીને જોવાથી શુદ્ધાત્મારૂપ થવાય ?

**દાદાશ્રી :** જેને જુએ તે રૂપ થઈ જવાય. નિરીક્ષણ કર્યા કરો તે રૂપ થઈ જવાય.

**પ્રશ્નકર્તા :** બીજાને સામાન્યરૂપે જોઈએ છીએ તો અંદર શુદ્ધાત્મા ભાવ દેખાય છે. દાદા, તમારામાં એ વિચાર જ નથી આવતો. તમારા શરીરમાં જ મન ચોંટી જાય છે.

**દાદાશ્રી :** આ આખો જ દેહ સાથે શુદ્ધાત્મા કહેવાય.

આ દાદાનો સંગ, એ સત્સંગ તો શુદ્ધાત્માનો સંગ, છેલ્લામાં છેલ્લો સંગ અહીં અપાય છે, કેવળ જ્ઞાન સિવાય બીજું કશું જ અપાતું નથી. પણ આ કાળ એવો છે ને, કે ૩૬૦ ડિગ્રી સુધીની પૂર્ણતાએ જવા ના દે. જ્ઞાન તો એનું એ જ રહે પણ જે પ્રવર્તન રહેવું જોઈએ, તે કાળને આધારે રહે નહીં.

શુદ્ધાત્માને તો જ્ઞાની પુરુષ એકલાએ જ જોયેલો હોય, શુદ્ધાત્મા શું છે એ. બાકી આ દર્શન એટલે પ્રતીતિ થઈ ગયા પછી આગળનો ભાગ લક્ષ બેસે એટલે જાય નહીં. એ શ્રદ્ધા તૂટે નહીં પછી. પછી આગળ જેમ જેમ અનુભવ થતો જાય, પછી એનો અમુક નોર્મલ અનુભવથી ઉપર જાય ત્યારે એને પોતાને પોતાનું સ્વરૂપ કેવું છે તે દેખાય. તે અબંધ સ્વરૂપ છે, ક્યારેય બંધાયેલું નથી.

'જ્ઞાની પુરુષ'ને કેવું સરસ દેખાતું હશે ! બધે શુદ્ધાત્મા જ દેખાય. અમે નવમા ગુંઠાણામાંથી દસમા ગુંઠાણામાં જ્યારે ખસ્યા, ત્યારથી એય પાર

વગરનું સુખ અનુભવ્યું ! એ સુખનો એક છાંટો જો બહાર પડે ને માણસ એ ચાખે તો વરસ દહાડા સુધી તે પરમ સુખિયો થઈ જાય !

આ જ્ઞાનમાં અમે જે જોયું છે તે હકીકત અમારી પાસે છે. 'જ્ઞાની પુરુષ' એટલે એમને કશું જ જાણવાનું બાકી ના હોય. 'જ્ઞાની પુરુષ' કો'ક દહાડો ભેગા થાય ત્યારે જે પૂછવાનું હોય તે પૂછી નાખો, ત્યારે જો પોતાનું કામ કાઢી ના લે તો શું કામનું ?

## જ્ઞાનીના જ્ઞાનથી નિરાલંબની શરૂઆત

છેવટે જ્યારે ત્યારે નિરાલંબ થવું પડશે ને ? ત્યાં સુધી અવલંબન તો લેવું પડશે ! સત્‌ના અવલંબન લેવા પડશે.

જ્ઞાની પુરુષ પાસે જ્ઞાન થયા પછી નિરાલંબ થવા માંડે ત્યારથી, હજુ સંપૂર્ણ નિરાલંબ ન થઈ ગયેલા હોય. નિરાલંબ થવાની શરૂઆત થઈ ગઈ, ત્યાં સુધી હૂંફ ખોળ્યા જ કરે. આખી રાતમાં કોઈ ખાઈ જવાનું છે ? આ પેલો ઊંઘી જાય ને એય ઊંઘી જાય. શાની હૂંફ ખોળું છું ? પણ સંસારજાગૃતિ હોય ત્યાં સુધી હૂંફ. પણ આત્મા થયા પછી હૂંફ ના રહે. ધીમે ધીમે ભય ઓછા થતા જાય. તમે આત્મા થઈ ગયા ને, હવે ભય ઓછા લાગે છે ને ?

**પ્રશ્નકર્તા :** કોઈનોય ભય નથી, નિર્ભય !

**દાદાશ્રી :** અને આ જગતના લોકો તો એકલું રાતે રહેવાનું હોય તોય હૂંફ ખોળે. એકલાને તો ઊંઘેય ના આવે. હૂંફ ખોળે જગતના લોકો.

હવે મેં તમને નિરાલંબ બનાવ્યા છે. હવે જે હૂંફ ખોળો છો ને, એ તો બધી ડિસ્ચાર્જ છે. પણ હાલ તમે નિરાલંબ છો પણ તમારું નિરાલંબ એક્ઝેક્ટ નિરાલંબ કહેવાય નહીં. તમે શબ્દાવલંબન સ્થિતિમાં આવ્યા છો, એય બહુ મોટી સ્થિતિ કહેવાય. આ પદ તો દેવલોકોનેય ના હોય. મોટા મોટા ઋષિ-મુનિઓએ કોઈએ જોયેલું નહીં એવું પદ છે આ. માટે કામ કાઢી લેજો.

એટલી બધી સેફસાઈડ ને એટલો આનંદ, મહીં સુખ માટે એને બીજા કોઈની જરૂર જ નથી. પોતે પોતાના સ્વભાવથી જ સુખમય, એટલે નિરાલંબ છે, ઓળંબો જ નથી જેને એવો આત્મા આપ્યો છે. દાદા કેવા ઈઠ્યોતેર વર્ષે રહે છે, નહીં ? અવલંબનને લઈને તો પરવશતા થઈ. અવલંબન એ જ પરવશતાને !

## શુદ્ધાત્માનો આધાર એ જ દાદાનો આધાર

જગત અવલંબનથી જીવી રહ્યું છે, આધારથી જીવી રહ્યું છે. જ્યારે એ આધારનો નિરાધાર થાય ત્યારે કલ્પાંત કરે. ફક્ત જ્ઞાની પુરુષ આધારી ના હોય, નિરાલંબ હોય. કોઈ આલંબન નહીં. જ્ઞાની પુરુષ પોતે ઍબ્સોલ્યુટ થયા હોવાથી એમને આધાર-આધારી સંબંધ રહ્યો નથી. ઍબ્સોલ્યુટ ! ભલે ને આ ભાવના રહી જગત કલ્યાણની, પણ પોતે થયા છે તો ઍબ્સોલ્યુટ ! ઍબ્સોલ્યુટ એટલે નિરાલંબ. કોઈ અવલંબનની એમને જરૂર નહીં ! સ્વતંત્ર. કેવળ, કેવળ જ, બીજું કંઈ નહીં, મિક્ષ્ચર (ભેળસેળ) નહીં.

**પ્રશ્નકર્તા :** ઍબ્સોલ્યુટ જ્યાં સુધી ના થાય, ત્યાં સુધી જ્ઞાનીનો આધાર લેવો પડે ?

**દાદાશ્રી :** હા. શુદ્ધાત્માનો આધાર, દાદાનો આધાર. અને દરિયામાં છોકરાને ઊંચકી રાખ્યો હોય આમ, એ છોકરો નીચે પગ આમ હલાવી તો જુએ કે મહીં પગ પહોંચે કે નહીં પહોંચતા ! એ જુએ તો ખરો, પછી ના પહોંચે ત્યારે પાછો આપણને ચોંટે-વળગે પણ જ્યારે આ પગ પહોંચ્યાને એટલે આપણને ખસેડીને છોડી દે. આપણને ધીમે ધીમે છોડવા માંડે એટલે આપણે ના સમજીએ, કે 'આના પગ પહોંચ્યા છે.' પગ પહોંચે એટલે છોડી ના દે ? છોડી દે ! એના પગ પહોંચવા જોઈએ. એવું આ ત્યાં સુધી તમે મને વળગ્યા છો ને, તે

તમારા પગ પહોંચે એટલે તમારે છોડી દેવાનો મને. આય અવલંબન છોડી દેવાનું. શબ્દોનું અવલંબન ક્યાં સુધી રાખવાનું ? તમારા પગ પહોંચે ત્યાં સુધી. તમે નિરાલંબ પોતે થઈ જાવ ત્યારે આ છૂટી જાય. એની મેળે છૂટી જશે. ત્યાં સુધી દાદાના અવલંબન જરૂર છે, શુદ્ધાત્માના અવલંબન જરૂર છે. દાદાની પાછળ જ ફર્યા કરો, જ્યાં જાય ત્યાં, જો અવકાશ આપે તો. કોણ અવકાશ આપે તો ? તમારા ઉદયકર્મો તમને અવકાશ આપે તો દાદાની પાછળ ફર્યા કરો અને અવકાશ ના આપે તો એવું નક્કી કરો કે ક્યારે અમને અવકાશ પ્રાપ્ત થશે !

ચિત્ત દાદા ભગવાનને યાદ કરે, જેમાં ને તેમાં દાદા દેખાય તે ચિત્ત બહુ સારું કહેવાય. એ ઘણા મહાત્માઓને રહે છે. ઘણાખરા મહાત્માઓને થોડું વત્તા-ઓછા પ્રમાણમાં રહે. કોઈને વધુ પ્રમાણમાં રહે ને કોઈને ઓછા પ્રમાણમાં રહે અને દાદા ભગવાન એ પોતાનો શુદ્ધાત્મા છે. એટલે ચિત્ત શુદ્ધાત્મામાં રાખો કે દાદા ભગવાનમાં રાખો, બધુંય એકનું એક જ છે.

## શુદ્ધાત્માનું લક્ષ એ જ કેવળદર્શન

'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ એ કેવળ દર્શન છે. કેવળ દર્શન એટલે સમજમાં બેસી ગયું બધું. કેટલાકને ઊંડાણથી સમજમાં ના બેઠું હોય પણ 'હું શુદ્ધાત્મા છું' એ ખરેખર બેસી ગયું, એને કેવળ સમજ કહે છે.

અહીં આપણને શુદ્ધાત્માનું લક્ષ રહે એટલે લાગે કે શુદ્ધાત્મા જેવું કંઈક છે એ કેવળદર્શન, એ જ ક્ષાયક સમકિત. એનું ફળ શું ? આકુળતા-વ્યાકુળતા મટે ને નિરાકુળતા રહે.

એટલે હવે શંકા ગઈ. 'હું શુદ્ધાત્મા છું' નિઃશંક પદ છે અને નિઃશંક પદને ભગવાને ક્ષાયક સમકિત કહ્યું. નિઃશંક પદ જ્યાં સુધી ઉત્પન્ન થાય નહીં ત્યાં આગળ ક્ષાયક સમકિત કહેવાય નહીં. ક્ષાયક સમકિતને ભગવાને કેવળદર્શન કહ્યું. હવે કેવળજ્ઞાનના અંશો આપણે સમજી સમજીને પ્રાપ્ત કરવાના છે. ત્રણસો સાંઈઠ થતા થતા બધું સમજવાનું છે. જેટલું સમજાય એટલું સમાઈ જવાય પાછું.

'હું શુદ્ધાત્મા છું' એમ રટ્યા કરવું એ ભાવ નથી, પણ એ લક્ષ-સ્વરૂપ છે; અને લક્ષ થયા વગર 'હું શુદ્ધાત્મા છું' તેવું રહે જ નહીં. 'શુદ્ધાત્મા'નું લક્ષ બેસવું એ તો બહુ મોટી વાત છે, અતિ કઠિન છે ! લક્ષ એટલે જાગૃતિ અને જાગૃતિ એ જ્ઞાન જ છે, પણ તે છેલ્લું જ્ઞાન નથી. છેલ્લું જ્ઞાન એ તો આત્માનો સ્વભાવ જ છે. કેવળજ્ઞાન સ્વભાવી આત્માનું લક્ષ બેસીને તેની જાગૃતિરૂપના જ્ઞાનમાં રહેવું તે ઊંચામાં ઊંચી અને છેલ્લી ભક્તિ છે; પણ અમે તેને ભક્તિ નથી કહેતા, કારણ કે બધા પાછા સહુ સહુના જાડા અર્થમાં લઈ જાય. 'જ્ઞાની પુરુષ'ની કૃપા પ્રાપ્ત કરી લેવા જેવું છે, કૃપાભક્તિ જોઈએ.

## છેવટે કેવળજ્ઞાનીની કૃપાએ થશે કેવળજ્ઞાન

**પ્રશ્નકર્તા :** આપ જેટલા 'જ્ઞાની' છો તેટલું જ્ઞાન મેળવવા શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષ મોક્ષદાતા કહેવાય. જ્ઞાની પુરુષ પાસે જઈને બેસવું, એમની કૃપા પ્રાપ્ત કરવી. બસ બીજું કશું કરવાનું નથી. 'જ્ઞાની'ની કૃપાથી જ બધું થાય. કૃપાથી 'કેવળજ્ઞાન' થાય.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન આપે તો મળે કે પોતે પુરુષાર્થ કરે તો મળે ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન તો પુરુષાર્થનું ફળ નથી, કેવળજ્ઞાન તો કેવળજ્ઞાનીની કૃપા પ્રસાદી છે, ઈનામ છે. બીજું કશું જ નહીં, પ્રસાદી જ ! પુરુષાર્થથી કશું ના થાય.

અહીં અમે જ્ઞાન આપીએ છીએ, તે એક

સમય શુદ્ધ ચિત્તને પામે છે. આ જ્ઞાન કેવળજ્ઞાન થતા સુધી છોડતું નથી, એક સમયની જ જરૂર છે. એક સમય થયું જ નથી જગતને. એક સમય જગતે જોયું જ નથી, સાંભળ્યું જ નથી, આત્મામય થયો નથી. એક સમય થઈ ગયું તો થઈ રહ્યું, કેવળજ્ઞાન સુધી એ છોડે નહીં પછી.

## ભ્રાંતિ સમર્પણ થતા શુદ્ધાત્મા પદની પ્રાપ્તિ

તમે સમર્પણ શું કરો છો મને ? તમારી જેનાથી બધી ભ્રાંતિ ઊભી થઈ'તી એ ભ્રાંતિના કારણો, ભ્રાંતિ અને ભ્રાંતિનું ફળ એ બધું મને તમે સમર્પણ કરો છો. એટલે તમે શુદ્ધાત્મા થઈ જાવ છો.

જ્ઞાન એ જ આત્મા છે અને 'હું શુદ્ધાત્મા છું' એ છેલ્લી ભક્તિ છે. 'જ્ઞાની'નું નિદિધ્યાસન એ જ 'હું શુદ્ધાત્મા છું' રૂપ છેલ્લી ભક્તિ છે.

જ્ઞાનીઓનો 'પ્રતિષ્ઠિત આત્મા' ભક્તિમાં છે અને જ્ઞાન 'જ્ઞાન'માં છે. 'પોતે' 'શુદ્ધાત્મામાં રહે અને 'પ્રતિષ્ઠિત આત્મા' પાસે એના 'પોતાના' 'શુદ્ધાત્મા'ની અને આ 'દાદા'ની ભક્તિ કરાવે, એ ઊંચામાં ઊંચી છેલ્લી ભક્તિ છે !

કોઈનીય છાયા ના પડે એવી તને દુનિયા બાજુએ મૂકતાં આવડે તેનું નામ સમર્પણ ભાવ. એટલે કે 'જ્ઞાની પુરુષ'નું જે થાવ તે મારું થાવ, પોતાનો મછવો તેમનાથી છૂટો જ ના પડવા દે, જોડેલો ને જોડેલો જ રાખે. જો છૂટો પડે તો ઊંધો પડે ને ? માટે જ્ઞાનીની જોડે જ પોતાનો મછવો જોડેલો રાખવો.

## જ્ઞાની એ જ પોતાનો શુદ્ધાત્મા

કૃપાળુદેવે કહ્યું, આત્મા તો જ્ઞાનીના હૃદયમાં છે. ચોપડીઓમાં સ્થૂળ આત્મા છે. એ સ્થૂળ આત્મા કામમાં લાગે નહીં, સૂક્ષ્મતમ આત્મા જોઈએ. જેને કેવળજ્ઞાન કહેવાય એ જોઈએ. એ સૂક્ષ્મતર સુધી તો પહોંચવું જોઈએ ને ? અમે સૂક્ષ્મતર સુધી પહોંચ્યા છીએ. અને એવું આ વિજ્ઞાન છે. હવે સૂક્ષ્મતમમાં જવાનું બાકી છે.

તેથી કૃપાળુદેવે શું કહ્યું કે જ્ઞાની પુરુષ અગર સદ્ગુરુ, એ જ આપણો આત્મા છે. ક્યાં સુધી કે જ્યાં સુધી સ્પષ્ટ વેદન તમને થયું નથી, અસ્પષ્ટ વેદન છે મહીં. સુખ ઉત્પન્ન થાય છે પણ કેવી રીતે, ક્યાંથી થાય છે ને શું થાય છે એ જ્યાં સુધી અસ્પષ્ટ છે, ત્યાં સુધી જ્ઞાની પુરુષ તમારો આત્મા છે અને મહીં સ્પષ્ટ ઉત્પન્ન થયું, એટલે તમે છૂટા થયા. પછી સ્વતંત્ર થયા. અસ્પષ્ટ ત્યાં સુધી જ્ઞાની પુરુષનું અવલંબન છે.

જ્યાં સુધી આત્માનું સ્પષ્ટ વેદન નથી, ત્યાં સુધી જ્ઞાની પુરુષનું નિદિધ્યાસન એ સ્પષ્ટ વેદન છે. એ પોતાનો શુદ્ધાત્મા છે, પોતાનો જ આત્મા છે. એ જે કહે એમ કરવાનું, તો પછી બધા આગમોનો ભેદ, બધા શાસ્ત્રોનો ભેદ પોતાને પમાય.

'દાદા'ની આરાધના કરી એ જ 'શુદ્ધાત્મા'ની આરાધના કર્યા બરાબર છે અને એ જ પરમાત્માની આરાધના છે અને એ જ મોક્ષનું કારણ છે.

તેથી અમે કહીએ છીએ ને કે 'અરે ! દાદા, દાદા કરજો ને, તમારું કામ થઈ જશે.' આ અજાયબી છે આ કાળની ! અગિયારમું આશ્ચર્ય !

જ્યારે સાચા સત્દેવ તો મહીંવાળા 'શુદ્ધાત્મા' એ છે. 'શુદ્ધાત્મા' એ જ યથાર્થ મહાવીર છે, પણ 'શુદ્ધાત્મા'નું લક્ષ બેઠું છતાં એનો અનુભવ નથી થયો, ત્યાં સુધી 'જ્ઞાની પુરુષ' એ જ પોતાનો આત્મા છે.

જ્યાં સુધી અમે હાજર છીએ ત્યાં સુધી આ અમારો ફોટોય પ્રત્યક્ષ છે. 'હું શુદ્ધાત્મા છું'નું ધ્યાન વખતે કોઈને ના રહેતું હોય ને 'દાદા' જ ધ્યાનમાં રહેતા હોય તો તે બેઉ એક જ છે. કારણ કે 'જ્ઞાની પુરુષ' એ જ તમારો આત્મા છે.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના ઓનલાઈન સત્સંગ કાર્યક્રમો - ઈન્ટરનેટ દ્વારા લાઈવ

### ગુરુપૂર્ણિમા મહોત્સવ

| | | |
|---|---|---|
| **૨૧ જુલાઈ** | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **- સત્સંગ (ટોપિક : કષાયોની મીઠાશ સામે જાગૃતિ)** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **- પારાયણ (દાદાવાણી નવેમ્બર-૨૦૧૮)** |
| **૨૨ જુલાઈ** | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **- પ્રશ્નોત્તરી સત્સંગ** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **- પારાયણ (દાદાવાણી નવેમ્બર-૨૦૧૮)** |
| **૨૩ જુલાઈ (ગુરુપૂર્ણિમા)** | સવારે ૮ થી ૧૨ | **- પૂજન, આરતી, કીર્તન ભક્તિ** |
| | બપોરે ૧-૧૫ | **- પૂજ્યશ્રી દીપકભાઈ સાથે મહાપ્રસાદ (લાઈવ)** |
| | સાંજે ૪ થી ૫ | **- ગુરુપૂર્ણિમા પર સ્પેશિયલ વિડીયો** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **- સત્સંગ (જ્ઞાની પુરુષ ભાગ-૪ વિમોચન)** |
| **૨૪ જુલાઈ** | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **- સત્સંગ (ટોપિક : અક્રમ વિજ્ઞાન-એકાવતારી)** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **- પારાયણ (દાદાવાણી નવેમ્બર-૨૦૧૮)** |
| **૨૫ જુલાઈ** | સવારે ૧૦-૩૦ થી ૧૨ | **- પ્રશ્નોત્તરી સત્સંગ** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **- લાઈવ ગરબા (મહાત્માઓ ઝૂમ પર જોડાશે)** |

### પર્યુષણ પારાયણ - વર્ષ ૨૦૨૧

**૩ થી ૧૦ સપ્ટેમ્બર : આપ્તવાણી ૧૪ ભાગ-૨** ગ્રંથ પર **સત્સંગ પારાયણ**
**નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ-૨ પેજ નં ૨૪૧થી વાંચન,** 'યોજના આવે રૂપકમાં...' હેડિંગથી.

---

### અપરિણીત યુવાનો માટે ઓનલાઈન બ્રહ્મચર્ય શિબિર - તા. ૯ - ૧૧ જુલાઈ

**ટોપિક : 'વિષય-વિકાર અને કુસંગથી કેવી રીતે બચવું'**

૨૧ થી ૩૦ વર્ષના આત્મજ્ઞાન લીધેલા, જ્ઞાન લીધાને ૧ વર્ષ થયું હોય એવા કોઈ પણ અપરિણીત યુવાનો ભાગ લઈ શકશે. શિબિર માટે મોબાઈલ નંબર ૯૯૨૪૩૪૩૧૫૦ પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

---

### દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાંઆવશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'સ્વરશ્રી'** પર દરરોજ સવારે ૧૧-૩૦ થી ૧૨ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- 'दूरदर्शन उत्तरप्रदेश' पर हर रोज़ सुबह 7-30 से 8, रात 8-30 से 9-30 ( हिन्दी में )
- 'साधना' पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 ( हिन्दी में )
- 'उड़ीसा प्लस' पर हर रोज़ सुबह 7-30 से 8 ( हिन्दी में - केवल उड़ीसा राज्य में )
- 'दूरदर्शन सह्याद्रि' पर हर रोज़ सुबह 7 से 7-30 ( मराठी में )
- 'आस्था कन्नड़ा' पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 ( कन्नड़ा में )

## USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

## U K

- 'वीनस' टीवी पर हर रोज़ सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

## Australia

- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
  (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

જુલાઈ ૨૦૨૧
વર્ષ-૨૬, અંક-૧૧
સળંગ અંક-૩૧૧

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જ્ઞાની એ જ મારો આત્મા !

ભગવાને કહ્યું છે કે જ્ઞાની પુરુષ એ જ પોતાનો આત્મા છે. અને આ દાદા યાદ રહે ને એ જ આત્મા! નહીં તો યાદ રહે શી રીતે ? જ્ઞાની પુરુષ એ તમારો આત્મા છે. માટે તમારો આત્મા જ્યાં સુધી તમને પ્રત્યક્ષ અનુભવ ના થાય, ત્યાં સુધી જ્ઞાની પુરુષના કહ્યા પ્રમાણે ચાલો. આ તો તમને પ્રત્યક્ષ અનુભવ થાય છે. આત્માનો પ્રત્યક્ષ અનુભવ કે રાત-દહાડો તમને ચેતવે છે. નથી ચેતવતો ? હવે 'ચંદુભાઈ' ગુસ્સે થયા કરે પણ અકળાયા હોય તો મહીં 'તમે' ના પાડો. 'નહીં, આ ન થવું જોઈએ.' એ શું છે ? આ બે કોણ ? પહેલાં બે હતા નહીં. એ આત્મા હાજર છે નિરંતર. અક્રમ વિજ્ઞાનનો આત્મા એ, લાખ અવતારેય આવો આત્મા પ્રગટ ન થાય અને પ્રગટ થાય તો ચિંતા ન થાય.

\- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.